માનવ જીવન ઘટના.

પ્રથમ ખંડ.

અનુવાદક તથા પ્રકાશક

ત્ર્યંબકલાલ શિવશંકર ત્રિવેદી, એમ. એ.

દોલતખાના ૪૧૦૩-૬

અમદાવાદ.

મૂલ્ય ૦—૪—૦

માનવ જીવન ઘટના.

પ્રથમ ખંડ.

અનુવાદક તથા પ્રકાશક

ત્ર્યંબકલાલ શિવશંકર ત્રિવેદી, એમ. એ.

દોલતખાના ૪૧૦૩-૬.

અમદાવાદ.

સંવત ૧૯૮૬. પ્રત ૧૦૦૦. સને ૧૯૩૨.

મૂલ્ય ૦—૪—૦

મુદ્રક : શંકરરાય અમૃતરાય.

મુદ્રણસ્થાન : જ્ઞાનમન્દિર મુદ્રણાલય.

રાયપુર : અમદાવાદ.

અનુવાદકની નોંધ.

પ્રાચીન સાહિત્યનું આ અણમોલું લઘુ પુસ્તક અત્યારે પ્રાપ્ત થઈ શકતું નથી. પૌરાણિક સમયમાં કોઈ બ્રાહ્મણે તે સંસ્કૃતમાં લખેલ. તેનો ચીનમાં કોઈ લામાએ અનુવાદ કરેલ. તે પુરાણું પુસ્તક એક અંગ્રેજના હસ્તકમાં આવતાં તેનો અંગ્રેજીમાં અનુવાદ કરેલ. ત્યારબાદ જૂદી જૂદી ભાષાઓમાં તેનો અનુવાદ થએલ. અંગ્રેજી અનુવાદકે તેનું નામ Economy of Human Life રાખેલ. આ પુસ્તકની કીંમત લગભગ રૂા. ૪–૪–૦ છે. પુસ્તકનો પ્રથમખંડ અત્યારે પ્રસિદ્ધ કરૂં છું. બીજો ખંડ પણ ટૂંક સમયમાં બહાર પડશે. પુસ્તકનું નામ "માનવ જીવન ઘટના" રાખવામાં આવ્યું છે. Economy of Human Life એ શિર્ષકનો માત્ર તે છાયા અર્થ છે. માનવ જીવન નીતિ ઉપર માનવ જીવન ઘડવામાં આ પુસ્તક લાભદાયક નીવડવા સંભવ છે.

અનુવાદ સર્વાંશે સફળ છે તેમ નહીં કહી શકાય. પરંતુ પુસ્તકનો ભવ્યાર્થ અલ્પાંશે પણ લાવી શકાયો હોય તો અનુવાદકની મહેનત સફળ ગણાશે.

પુસ્તકની પ્રાચીનતા વિષે અંગ્રેજ અનુવાદકના પત્રો તથા ઉપોદ્‌ઘાત સામેલ છે તે ઉપરથી સિદ્ધ થશે.

દોલતખાના, અમદાવાદ. ત્રં. શિ. ત્રિવેદી

પ્રસ્તાવના.

અઢારમી સદીના ઉતરાર્ધમાં જે પુસ્તકની લોકપ્રીયતા આટલી વિશાળ હતી તે હવે વિસ્મૃતિને પાત્ર થયું છે તે નવાઈ જેવું ગણાય. આ પુસ્તક **લ્હાસામાંથી** જડી આવ્યું હતું, એક ભેદી (અણજાણ્યા) લેખકે તેનો અનુવાદ કર્યો હતો. તેણે તે અર્લ ઓફ ચેસ્ટરફીલ્ડને અર્પણ કર્યું હતું અને માનવ જીવન ઘટનાનું આ પુસ્તક આ દેશમાં (ઈંગ્લાંડમાં) પહેલવહેલું ૧૭૫૧ માં પ્રસિદ્ધ થયું હતું. તેની ઉત્પત્તિ વિષે ઘણી ઓછી માહિતિ મળે છે પણ જે કાંઈ આ વિષે પ્રકાશમાં આવ્યું છે તે અનુવાદકે પોતાના નામાંકિત આશ્રયદાતાને લખેલા પત્રોમાં દર્શાવેલું છે. તે પત્રો પુસ્તકના ઉપોદ્ઘાત રૂપે આપેલા છે.

પરંતુ જો કે તેનો ઇતિહાસ અંધારામાં છે છતાં તેની શ્રેષ્ટતા સ્પષ્ટ છે. જ્યારે તે પહેલવહેલું પ્રસિદ્ધ થયું ત્યારે તેનો એકદમ ઉપાડ થયો હતો. તેજ વર્ષમાં તેની કેટલીએક આવૃત્તિઓ બહાર પડી ચૂકેલી. ૧૮૧૨ માં તેની પચાસમી આવૃત્તિ પ્રસિદ્ધ થઇ હતી. પછી તે અંધકારમાં પડી ગયું. તેના ફ્રેંચ, જર્મન, ઇટેલીઅન અને વેલ્સ ભાષામાં અનુવાદ થયા છે. તેને કાવ્યમાં પણ ઉતારવામાં આવેલ છે અને પ્રખ્યાત કલાશાસ્ત્રીઓને હાથે તેના વિવિધ ચિત્રપટ પણ દોરાયાં છે. આવી નામનાવાળું પુસ્તક ચીરંજીવ રહેવાને યોગ્ય ગણાવું

જોઇએ અને તેની અંદરની આલ્હાદ પ્રેરણાથી તે પુનર્જીવન પામે તેવી આશાથી આ નવી આવૃત્તિ તૈયાર કરવામાં આવી છે.

પુસ્તકનું પ્રધાન લક્ષણ તેની વિવેકપૂર્ણતા છે. તેની અંદરના જીવનના નિયમો સરળ, સચોટ, સંક્ષેપ અને સબળ રીતે દર્શાવેલા છે છતાં તેમાં મૃદુતા છે. અન્ય સદ્બોધ વચનના ગ્રંથોની પેઠે આ પુસ્તકમાંના સદ્બોધમાં કર્તાની આસપાસના વાતાવરણ કે તેના સમયની સ્થીતિની અસર થએલી ભાગ્યેજ જોવામાં આવે છે. આ તત્વવેત્તામાં detachment અલીપ્તના છે. પોતાની કલ્પનાના દાવાઓથી અવિરક્તતા અને અંગત તત્વો તથા સમય અને સ્થળના સંભ્રમકારી તત્વોની યોગ્ય ગણના તે રાખી શકેલ છે તે તેના ગ્રંથની ખાસ મહત્તા છે.

આ પુસ્તકમાં જીવનનું સકળ જ્ઞાન (wisdom of life) દર્શાવવામાં આવ્યું છે તેવું કહેવું તે ધૃષ્ટતા ગણાય કારણ કે તેવું જ્ઞાન તો દૈવિ પુરૂષોજ પ્રતિપાદન કરી શકે. માનવ બુદ્ધિને તે પૂરેપૂરૂં ગમ્ય હોઈ શકેજ નહીં. છતાં આ પુસ્તક સર્વાંશે વ્યાપક છે. સોલોમનની કહેવતો છૂટીછવાઈ છે પણ જીવનઘટનામાં વ્યવસ્થા, પદ્ધત્તિ અને સંબંધયુક્ત નિર્દેપ છે. તેના જુદા જુદા વિભાગમાં થઇ આપણા વિચારનો ચૈતન્ય પ્રવાહ અસ્ખલીત અને સરળ રીતે વહી શકે છે. તેની અંદર વિચાર રત્નોનો સમુહ છે. કોઈ કોઇ વાર તે રત્નોનો ચમકાર સંપૂર્ણ અને અદ્વિતીય હોય છે. તે વિચારોની વાસ્તવિક શ્રેષ્ટતા માટેજ નહીં પરંતુ તેમની પારસ્પરિક (relative) સંપૂર્ણતાને માટે પણ આપણને આશ્ચર્ય થાય છે. તત્ત્વચીંતનની તેમાં મોહક ફૂરસબંધી છે.

આ યુગમાં જ્યારે આપણે અર્થવાદના આટલા ભોગ થઇ પડયા છીએ તેવા સમયે જીવનમાં શું સત્ય અને સારૂં છે તે

દર્શાવનાર અને સ્વાસ્થ્યના સ્રોત ખુલ્લા મુકનાર આવા પુસ્તકની આપણને ખાસ જરૂર છે.

સાંપ્રત સમયની વિવિધતાને લીધે કુદરતનાં સ્પષ્ટ સત્યો આપણને અસ્પષ્ટ રહે છે. પ્રશ્નની સરળતામાંજ તેની વિસ્મૃતિનું મુખ્ય કારણ આપણે માનતા થયા છીએ.

આ ગ્રંથ તે જમાનામાં લખાએલો છે કે જ્યારે જ્ઞાનની શોધ અને સદ્‌ગુણ પ્રાપ્તી બન્ને એકજ હતાં. જ્યારે વિજ્ઞાનનો અર્થવાદ નૈતિક ભાવનાથી ઉતરતો હતો અને જ્યારે સરજનહાર વિષે જ્ઞાન અને સૃષ્ટિસૃજનમાં તેના નિર્મિત હિસ્સાની કદર પ્રાપ્ત કરવા માટે કુદરતનો અભ્યાસ કરવામાં આવતો. શ્રમ વિભાગની પદ્ધતિએ જે નીતિતત્વની ઉણપ આણી છે તેથી તેમજ દરેક ધંધાની વૃત્તિ પોતાનો ખાસ શબ્દકોષ અને ઉપયોગ વિકસાવવાની થતી જાય છે તેથી જીવન ઘટના જેવું પુસ્તક જાહેર ઉપયોગને માટે નહીં પરંતુ ખાનગી અભ્યાસના વિષય તરીકે ગણી કાઢવામાં કદાચ આવશે. યુદ્ધ એ યુદ્ધ છે તે જૂના જમાનાની નીતિ હતી. સાંપ્રત સમયની નીતિ વ્યવહાર એ વ્યવહાર છે એ પ્રમાણેની છે. ઉભયમાંથી સામાન્ય નૈતિક ધોરણમાંથી ઉપસ્થિત થતા વિચારો દૂર રાખવામાં આવે છે. જૂની દુનીયાની ખાસીયત એ હતી કે પાશવ બળ વાપરવામાં દયાનો અભાવ હતો. નવી દુનિયાનું ખાસ લક્ષણ એ છે કે માનસિકબળ વાપરવામાં દયાનો અભાવ છે. મનુષ્ય સ્વભાવ બદલાયો નથી; માત્ર વિગ્રહ સ્થાનજ બદલાયું છે.

તેથી આ બોધવચનો જો કે શ્રેષ્ઠ છે તો પણ જાહેરજીવનના કષ્ટો ઓછાં કરવામાં મદદરૂપ થઇ શકે તેવી આશા આપણેજ રાખી શકીએ. ખ્રીસ્તીધર્મની અંદરનાં નીતિ સૂત્રો પણ એ આશા પાર પાડી શક્યાં નથી. પણ આપણે એટલી તો આશા રાખી શકીએ

કે જેમ ક્રાઇસ્ટનો સંદેશો અંગત આશ્વાસન આપનારો હમ્મેશને માટે નીવડયો છે તેવીજ રીતે તત્ત્વ વિચારનો આ પ્રાચીન ખજાનો પણ આપણા જીવનની સ્થિતિ જે દોષો તરફ આપણને લઈ જાય છે તે દોષોનો આત્મસુધારણાથી વિરોધ કરવા જે લોકો ઇચ્છતા હોય તેમને આશિર્વાદરૂપ થઇ પડશે.

આ આવૃત્તિ પ્રથમાવૃત્તિ સાથે કાળજીપૂર્વક સરખાવી પ્રસિદ્ધ કરવામાં આવી છે. માત્ર પછીની આવૃત્તિઓમાં અનુવાદકે લખાણની જે સરળતા વાપરવાનો દ્રઢતાપૂર્વક પ્રયત્ન કર્યો છે તે જાળવવા પૂરતો પ્રથમાવૃત્તિમાં કોઇ કોઇ જગ્યાએ ફેરફાર કર્યો છે.

રીચમંડહિલ
ઓકટોબર ૧૯૦૧

ડગલાસ એમ. જોહન

ચીનમાં રહેતા એક અંગ્રેજ અનુવાદકનો

અર્લ ઓફ ચેસ્ટરફીલ્ડને લખેલો પત્ર.

પેકિન, મે, ૧૨, ૧૭૪૯

નામદાર,

આપ નામદારને તા. ૨૩ ડીસેંબર ૧૭૪૮ના લખેલા મ્હારા પત્રમાં આ મહાન સામ્રાજ્યની ભૂમી અને કુદરતનું વર્ણન મેં પૂરૂં કર્યું છે. આ દેશના લોકોની રહેણી કરણી, રીતભાત, ધર્મ, રાજ્યપદ્ધતિ, કાયદાઓ વગેરેનો હું જે ખ્યાલ બાંધી શક્યો છું તે આ અને હવે પછીના પત્રોમાં લખવાનો મ્હારો ઇરાદો હતો. પરંતુ હમણાંજ એક આશ્ચર્યકારક બનાવ બન્યો છે જેણે અહીંના વિદ્વાનવર્ગનું ઘણુંજ ધ્યાન ખેંચ્યું છે. તે બનાવ હવે પછી યુરોપના વિદ્વાનવર્ગને વિચાર અને તર્ક માટે સામગ્રી કદાચ પૂરી પાડે. આપ નામદારને તેમાં રસ પડશે તેમ ધારી તે વિષે હું જે કાંઇ માહિતિ મેળવી શક્યો છું તે સ્પષ્ટરીતે આલેખવાનો પ્રયત્ન કરીશ.

ચીનની પશ્ચિમે ટિબેટ (કેટલાક તેને બેરેન્ટોલા કહે છે) નો વિશાળ પ્રદેશ આવેલો છે. આ દેશના લ્હાસા પરગણામાં આ મૂર્તિપૂજકોના મહાન ધર્માચાર્ય મહાન લામા કરીને રહે છે. આસપાસની બીજી પ્રજાઓ તેને દેવતુલ્ય ગણે છે અને સન્માને છે. તેના પવિત્ર ચારિત્ર્ય વિષેના ઉચ્ચ અભિપ્રાયને લીધે અસંખ્ય લોકો તેને નમન

કરવાને અને તેનો આશિર્વાદ પ્રાપ્ત કરવા માટે ભેટ ધરવાને લ્હાસામાં આવે છે. તેનું નિવાસસ્થાન પૌતાલપર્વતના શિખરે એક ભવ્ય મન્દિરમાં છે. આ પર્વતની તળેટી અને લ્હાસાનું આખું પરગણું જુદા જુદા હોદ્દાના અનેક લામાઓથી વસેલું છે. તેમાંના કેટલાકને ભવ્ય મન્દિરો બંધાવી આપવામાં આવેલાં છે જેમાં તેમનું સ્હેજ ઉતરતા પ્રકારનું પૂજન થાય છે. આખો દેશ ઇટલીની માફક ધર્મગુરૂઓથી ભરપૂર છે. તે બધાનો નિભાવ તાર્તરી, મોગલ સામ્રાજ્ય અને પૂર્વના દરેક ભાગમાંથી આવતી કીંમતી ભેટ ઉપર ચાલે છે. જ્યારે મહાન લામા ભક્તોનું પૂજન સ્વીકારવાને બેસે છે ત્યારે તે એક ભવ્ય ઉંચા આસન અને સુંદર ગાદી ઉપર પદ્માસનવાળી વિરાજે છે. તેના ભક્તો અતિ નમ્રતાપૂર્વક તેના સન્મુખ પ્રણિપાત કરે છે. પણ તે તેમના પ્રત્યે ભાગ્યેજ માન દર્શાવે છે અને મ્હોટા રાજવીઓ સાથે પણ તે ભાગ્યેજ સંભાષણ કરે છે. તે ફક્ત તેમના શિર ઉપર હાથ ધરે છે અને તેમને ખાત્રી હોય છે કે આ આશિર્વાદથી તેમના બધા પાપમાંથી તેમને મુક્તિ મળશે. તેઓ માને છે કે તે સર્વજ્ઞ છે અને હૃદયના સંકેતો પણ જાણી શકે છે. તેના ખાસ શિષ્યો કે જે બસોએક નામાંકિત લામાઓ હોય છે તેઓ લોકોને સફળ રીતે સમજાવી શકે છે કે તે અમર છે અને જ્યારે તે મૃત્યુ પામતો જણાય છે ત્યારે પણ તે માત્ર નિવાસસ્થાનજ બદલે છે અને અન્ય શરીર ધારણ કરે છે.

ચીનના વિદ્વાનો લાંબા વખતથી માન્યતા ધરાવતા આવેલા છે કે આ ભવ્ય મન્દિરમાં યુગ–જુનાં પુસ્તકો સંતાડી રાખવામાં આવેલાં છે અને અત્યારના સમ્રાટ જેઓ પ્રાચીન સાહિત્યનું સંશોધન કરાવવા માટે અત્યંત આતુર છે તેને પણ આ માન્યતાની ખાત્રી થતાં આ પ્રકારનું સંશોધન કરાવવાને તેણે નિશ્ચય કર્યો. આ કામ માટે તેણે પ્રાચીનભાષા અને લીપી ઉકેલી શકે તેવા કુશળ વિદ્વાનને હસ્ત

ગત કરવાની તજવીજ કરી પરિણામે તેને એક પ્રથમ પંક્તિનો વિદ્વાન સાંપડ્યો જેનું નામ કેઓત્સુ છે. તેની ઉમ્મર પચ્ચાસ વર્ષની છે અને મુખમુદ્રા ગંભીર અને આદર ઉપજાવે તેવી છે. તેનામાં પુષ્કળ વાક્ચાતુર્ય છે અને એક લામાની સાથે થએલ આકસ્મિક મૈત્રીને લીધે ટિબેટના લામાઓ જે ભાષા આપસ આપસમાં વાપરે છે તે ભાષા ઉપર સંપૂર્ણ કાબુ મેળવ્યો છે.

આ સદ્‌ગુણોથી અલંકૃત થઇ તે પ્રવાસે નીકળ્યો. તેના કાર્યને મહત્તા આપવા માટે સમ્રાટે કોલોસ અથવા મુખ્ય મંત્રીનો ઇલ્કાબ તેને આપ્યો. ભવ્ય અનુચર સંખ્યા અને મહાન લામા અને બીજા લામાઓ માટે કીંમતી ભેટો સહિત વિદાય થયો. સમ્રાટે તેને એક નીચે પ્રમાણે ભલામણપત્ર પણ આપ્યો હતો:—

"ઇશ્વરના મહાન પવિત્ર અને પૂજનીય પ્રતિનિધિ જોગ. અવનિપરના રાજાઓના પણ અધિરાજ ચીન સમ્રાટ તેમના માનનીય મુખ્ય મહામંત્રી કેઓત્સુ દ્વારા આપના ચરણમાં નમ્ર પ્રણિપાત કરે છે અને પોતાને માટે, પોતાના મિત્રો માટે અને પોતાના સામ્રાજ્યને માટે આપની કૃપા અને આશિર્વાદ વાંછે છે.

પ્રાચીન સંગ્રહોનું સંશોધન કરાવી પ્રાચીન જ્ઞાનનો પુનરૂદ્ધાર કરવાની જીજ્ઞાસાથી અને આપના સંગ્રહાલયમાં કીંમતી પ્રાચીનગ્રંથો હોવાનું જાણવામાં આવવાથી અમારા વિદ્વાન માનનીય કેઓત્સુને આપશ્રીના ચર્ણમાં રજુ કરેલોછે. પ્રાચીનતાને કારણે જે ગ્રંથો વિદ્વાનોને પણ અણસમજાય તેવા થઈ પડયાં છે તેવા ગ્રંથોનું સંશોધન કરવા માટે આપ તેમને રજા આપશો. પ્રાચીનમાં પ્રાચીન ભાષાના લેખો અને પુસ્તકો પણ તે ઉકેલી શકે તેવી તેની અદ્‌ભૂત શક્તિ છે. આપના ચરણમાં તેને નમ્રભાવે રજુ કરેલ છે અને આપ તેમને આપના સંગ્રહાલયમાં પ્રવેશવાની રજા આપશો એવી વિનંતિ છે."

તેના પ્રવાસની વિગતોથી આપ નામદારનો સમય લઇશ નહીં. તેણે પોતાના પ્રવાસનું વિસ્તારપૂર્વક વર્ણન પ્રસિદ્ધ કર્યું છે તે ઇંગ્લાંડ પાછા ફર્યા બાદ આપ નામદાર સન્મુખ અનુવાદ કરી તે આખુંએ વર્ણન પ્રસિદ્ધ કરીશ. અત્યારે તો એટલુંજ લખવું બસ છે કે આ પવિત્ર ધામમાં પહોંચતાં તેઓ જે ભવ્ય ભેટ લાવેલા હતા તેને લીધે તેમને સંગ્રહાલયમાં પ્રવેશવાની રજા મળવામાં વાર ન લાગી. તેને એક નિવાસ સ્થાન આપવામાં આવ્યું અને એક વિદ્વાન લામાએ તેના કાર્યમાં તેમને મદદ કરી. છ માસના રહેઠાણ દરમ્યાન ઘણું પ્રાચીન સાહિત્ય તેણે પ્રાપ્ત કર્યું જેમાંથી કીંમતી અવતરણો કરી તેમના કર્તાઓનાં નામ તથા તેમનો સમય શોધી કાઢવાનો તેણે પ્રયાસ કર્યો છે. આથી તે એક મહાન વિદ્વાન, વિચારક અને સંશોધક હોવાનું સાબીત થાય છે.

પણ એક અતિ પ્રાચીન ગ્રંથનું તેણે સંશોધન કરેલું છે. યુગો સુધી કોઇ લામા તેનો અર્થ સમજી શકેલ ન હતો. તે ગ્રંથ એક ન્હાનું નીતિશાસ્ત્ર છે. પ્રાચીન બ્રાહ્મણોની ભાષા (સંસ્કૃતમાં) માં તે લખાએલ છે. તે કોણે લખેલું છે અને ક્યારે તેનો નિર્ણય તે કરી શકેલ નથી. આ આખાયે ગ્રંથનો તેણે અનુવાદ કર્યો છે. તે કબુલ કરે છે કે મૂળ ભાષાનાં ગૌરવ અને પ્રૌઢતા સાથે તેનો ચીની ભાષામાં અનુવાદ ભાગ્યેજ બરોબરી કરી શકે તેમ છે. તે ગ્રંથ વિષે વિદ્વાનોના અભિપ્રાય ઘણા ભીન્ન ભીન્ન છે. જેઓ તેની ખૂબ પ્રશંસા કરે છે તેઓ તેના કર્તા તરિકે તેમના પોતાના તત્ત્વવેત્તા કોનફ્યુશિઅસનું નામ આપે છે અને પ્રાચીન સંસ્કૃત ભાષા અને લીપીમાં મૂળ ગ્રંથ લખાએલો છે તે સંબંધીની મુશ્કેલી તેઓ એવી રીતે ટાળવાનો પ્રયત્ન કરે છે કે કોન્ફ્યુશિઅસનો મૂળ ગ્રંથ ખોવાઇ ગએલો અને કોઇ બ્રાહ્મણે તેનો સંસ્કૃતમાં અનુવાદ કરેલો. કેટલાક તે ગ્રંથના કર્તા તરિકે કોન્ફ્યુશિઅસના સમકાલિન તાઓસી સંપ્રદાયના સ્થાપક ચીનના અન્ય તત્ત્વવેત્તા લેઓકીયુનને કલ્પે છે.

પણ તેઓ પણ ભાષા સંબંધમાં ઉપર પ્રમાણેજ ભૂલ કરે છે. બીજા કેટલાક વિદ્વાનો તેની અંદરના કેટલાક વિચારો અને ભાવનાઓને લીધે દંડામીસ બ્રાહ્મણ જેના મહાન સીકંદરને "લખેલા" પ્રખ્યાત પત્રની યુરોપીય લેખકોએ નોંધ લીધી છે તેની કૃતિ તેને ગણે છે. કે ઓત્સુ પણ આ છેલ્લા મત સાથે મળે છે. છેવટે તે એટલું તો માનેજ છે કે તે કોઈ બ્રાહ્મણનો લખેલ ગ્રંથ છે. તેમાંની ભાવનાઓ જોતાં તે અનુવાદ હોય તેવું માની શકાતું નથી. એક વસ્તુ તેમને મુંઝવે છે. તે એ છે કે તેમાંના વિચારોની ગોઠવણ અને યોજના પૂર્વના લોકોમાં તદ્દન નવીજ છે. કેટલાક પૌર્વાત્ય વિચારો અને વાહનો તેમાં દેખાતાં ન હોત તો અને તે પ્રાચીન સંસ્કૃત ભાષામાં લખાએલ ન હોત તો ઘણા તેને કોઇ યુરોપીઅનની કૃતિ ગણી કાઢત.

તેનો કર્તા ગમે તે હો પણ તેણે આ શહેર અને આખા સામ્રાજ્યમાં ઘણો ખળભળાટ ઉત્પન્ન કર્યો છે. દરેક જાતના લોકો તેને આતુરતાથી વાંચે છે અને વખાણે છે. આથી તેનો અંગ્રેજીમાં અનુવાદ કરવાને હું પણ પ્રેરાયો છું. મારી ખાત્રી છે કે આપ નામદારને તે આનંદ આપશે. આ પ્રયત્ન કરવાને હું પ્રેરાયો છું તેનું કારણ બીજું એ છે કે મૂળ અથવા ચીની ભાષામાં થએલ અનુવાદથી તે કેટલું ઉતરતું છે તે આપ જાણી શકો તેમ નથી. છતાં એક વસ્તુને માટે ક્ષમા યાચી લેવાની જરૂર મને લાગે છે-તે જે પદ્ધતિ અગર રીતે મેં તેનો અનુવાદ કર્યો છે તે વિષે છે. હું આપ નામદારને ખાત્રી આપું છે કે જ્યારે પ્રથમ હું અનુવાદ કરવા બેઠો ત્યારે આ પદ્ધતિએ તેનો અનુવાદ કરવાનો મને જરા પણ ખ્યાલ ન હતો. પણ ઉપોદ્ઘાતમાં દર્શાવેલા ઉચ્ચ વિચારોનું દઢ વાહન અને શ્રુતિ વાક્ય સમાન વાકયોની ટુંકતાથી આ પદ્ધતિએ અનુવાદ કરવાને આપોઆપ હું પ્રેરાયો છું. જેનનો ધર્મગ્રંથ, પવિત્ર છંદો, સોલો-મનના પ્રભાવશાળી બોધ વાક્યો વગેરેના જ્ઞાનને લીધે અનુવાદ કરવામાં મને ઘણો લાભ મળ્યો છે.

અનુવાદ ગમે તેવો હોય તો પણ જો આપ નામદારને તે આનંદપ્રદ નીવડશે તો હું મારી જાતને ઘણો ભાગ્યશાળી માનીશ. મારા હવે પછીના પત્રમાં આ દેશના લોકો અને તેમના સામ્રાજ્ય વિષેનું વર્ણન ફરી શરૂ કરીશ.

હું છું આપનો દ.

ઉપોદ્ઘાત.

ઓ પૃથ્વીવાસીઓ! તમારાં શિર ભૂમિપર્યંત નમાવો. શાંત થાઓ અને આ સ્વર્ગીય સદ્બોધ માનપૂર્વક શ્રવણ કરો.

જ્યાં જ્યાં સૂર્યનો પ્રકાશ પડે છે, જ્યાં જ્યાં શ્રવણેન્દ્રિય અને જ્યાં જ્યાં સમજશક્તિ છે; ત્યાં ત્યાં જીવનનાં બોધ સૂત્રોનું જ્ઞાન ફેલાવા દ્યો.

સર્વ વસ્તુનું ઉત્પત્તિસ્થાન પરમાત્મા છે. ત્હેની સત્તા અસીમ છે; ત્હેનું ડહાપણ અનંત છે અને ત્હેની ભલાઇ સાશ્વત છે.

તે મધ્યમાં રાજ્યાસને વિરાજે છે અને તેનો શ્વાસ સકળ સૃષ્ટિમાં ચૈતન્ય પ્રેરે છે.

તે તારાઓને અંગુલીથી સ્પર્શે છે અને તેઓ આનંદથી સ્વમાર્ગે પ્રયાણ કરે છે.

તે પવનારૂઢ થઇ પ્રવર્તે છે અને અસીમ અવકાશમાં પોતાની ઇચ્છા પ્રવર્તાવે છે.

તેના હસ્તકમલમાંથી સ્વસ્થતા, સૌન્દર્ય અને સુરૂપતા ઉદ્ભવે છે.

તેની સર્વ કૃતિઓમાં ડહાપણ અંકીત છે, પણ માનવ બુદ્ધિને તે અગમ્ય છે.

માનવ બુદ્ધિ ઉપર જ્ઞાનની છાયા સ્વપ્નવત્ પડે છે. મનુષ્ય તે ઝાંખુ નિહાળે છે, તે બુદ્ધિ ગમ્ય કરવા મથે છે પણ ગોથું ખાય છે.

પરંતુ ઇશ્વરનું ડહાપણ સ્વર્ગીય પ્રકાશસમું છે. તે તેને સહેજ છે; તેની બુદ્ધિ સત્યનું ઝરણુ છે.

તેના દીવ્યાસન સમીપ દયા અને ન્યાય સાશ્વત ઉભાંજ હોય છે. તેની મુખમુદ્રા પ્રેમ અને પરોપકારથી સદા પ્રકાશીત હોય છે.

તેની પ્રભા અપાર છે, તેની સત્તા અદ્વિતીય છે, તેનું ડહાપણ અગાધ છે, તેની ભલાઈ અસીમ છે.

હે માનવી! તેણેજ તને પેદા કીધો છે, આ પૃથ્વી ઉપરનું ત્હારૂં અસ્તિત્વ તેણેજ નિર્માણ કર્યું છે. ત્હારી ચૈતન્ય શક્તિઓ ત્હેની ભલી બક્ષીસો છે. ત્હારા દેહની અદ્દભૂતતા તેના હાથની કારીગરી છે.

તો તેનો દિવ્ય સૂર સાંભળ! તે સૂર મમતાભર્યો છે. જે તેની આજ્ઞાનુસાર વર્તશે તેનો આત્મા ચીરઃશાંતિ ભોગવશે.

પ્રથમ ખંડ

પુસ્તક પહેલું

માનવધર્મ

પ્રથમ પરિચ્છેદ.

વિચાર.

હે માનવી ! ત્હારા અંતર્યામિને પૂછ અને વિચાર કર કે ત્હારૂં અસ્તિત્વ શાને માટે છે !

ત્હારી શક્તિઓનો વિચાર કર; ત્હારી જરૂરીયાતો અને ત્હારા સંબંધોનો વિચાર કર. તેમ કરવાથી ત્હારો જીવનધર્મ તને સૂઝશે અને ત્હારાં સર્વ કાર્યમાં ત્હારો માર્ગ ત્હને દૃષ્ટિગોચર થશે.

તું જે શબ્દો ઉચ્ચારે તેનો અગાઉથી વિચાર કર્યા વિના ઉચ્ચારીશ નહીં; તું જે કાર્ય કરે તેની અસર શું થશે તેનો પ્રથમ વિચાર કરજે. તેમ કરવાથી ત્હારે શરમાવાનું કારણ રહેશે નહીં અને કલંક ત્હારા ગૃહથી દૂર રહેશે. પશ્ચાતાપ કે ખેદ તને સંતાપશે નહીં, ત્હારી મુખમુદ્રા શોકથી કદી ઝાંખી પડશે નહીં.

અવિચારી મનુષ્ય પોતાની જીભ ઉપર કાબુ રાખતો નથી; તે ગમે તે બોલી નાખે છે અને પોતાના મૂર્ખતાભર્યા શબ્દોની જાળમાં સપડાઈ જાય છે.

જેમ કોઇ મનુષ્ય ઉતાવળે દોડતો હોય અને વાડ વગર વિચારે કુદે તો બીજી બાજુએ અજાણતાં ખાડામાં પડે તેવીજ સ્થિતિ જે મનુષ્ય પરિણામનો વિચાર કર્યા વિના કોઇપણ કામમાં ઝંપલાવે તેની થાય છે.

તેથી હે માનવી! તું વિચારના નાદને સુણ; તેના શબ્દો ડહાપણના શબ્દો છે અને તેના દર્શાવેલા પંથો ત્હારે માટે સત્ય અને સહીસલામતીના માર્ગ નીવડશે.

દ્વિતીય પરિચ્છેદ

નમ્રતા.

હે માનવી! તું ત્હારા પોતાનાજ ડહાપણ ઉપર આટલી મગરૂરી શાને ધરાવે છે? ત્હારી પોતાની આવડત ઉપરજ તું શા માટે આટલી ખુમારી રાખે છે?

જ્ઞાન અને ડહાપણનું પ્રથમ પગથીઉં એ છે કે તું ત્હારી જાતને અનઅભિજ્ઞ જાણ. જો તું અન્યના હિસાબે મૂર્ખ ગણાવા ઇચ્છતો ન હો તો ત્હારી પોતાની જાતને ડાહ્યા કે જ્ઞાનિ ગણવાના મૂર્ખાઇ ભરેલા મિથ્યાભિમાનથી દૂર રહે.

જેમ કોઇ સુંદર સ્ત્રીનું અંગ સાદાં વસ્ત્રોથી વધારે સુશોભિત બને છે તેમજ ડહાપણનું મુખ્ય અલંકાર નમ્ર સુઘડ વર્તન છે.

નમ્ર મનુષ્યની વાણી સત્યને ઝળકાવે છે અને તેના નમ્રતાના શબ્દો ભૂલમાંથી તેને મુક્ત રાખે છે,

નમ્ર મનુષ્ય તેના પોતાનાજ ડહાપણ ઉપર આધાર રાખતો નથી; તે મિત્રોની સલાહ ધ્યાનમાં લ્યે છે અને તેમની શીખામણનો લાભ પ્રાપ્ત કરે છે.

તે તેની પોતાની સ્તુતિ પ્રત્યે દુર્લક્ષ રાખે છે અને તેની ગણના કરતો નથી. તે તેની પોતાની પૂર્ણતા સૌથી છેલ્લી જુએ છે.

તેમ છતાં જેવી રીતે બુરખાની ઝાંખી સૌન્દર્યમાં વધારો કરે છે તેજ પ્રમાણે તેના સદ્ગુણ નમ્રતાના આચ્છાદનથી વધારે ઓપે છે.

પણ ઉદ્ધત અને મિથ્યાભિમાની મનુષ્યોની સ્થિતિ કેવી હોય છે? મિથ્યાભિમાની સુંદર વસ્ત્રો સજે છે, તે જાહેર રસ્તાઓપર ચાલે છે, આસપાસ દૃષ્ટિ નાખે છે અને પોતા પ્રત્યે અન્યનું મન આકર્ષવા યત્ન કરે છે.

તે માથું ઉંચું ને ઉંચું રાખે છે અને ગરીબ લોકો ઉપર નજર સરખી પણ કરતો નથી. તે પોતાથી ઉતરતા દરજ્જાના લોકો પ્રત્યે ઉદ્ધતપણે વર્તે છે અને તેનાથી ઉચ્ચતર દરજ્જાના લોકો તેના મિથ્યાભિમાન અને મૂર્ખાઈની હાંસી કરે છે.

તે બીજાઓના વિચાર તુચ્છકારી કાઢે છે; તે પોતાનાજ મતને શ્રેષ્ટ ગણે છે અને મુંઝવણ ઉત્પન્ન કરે છે.

તે પોતાની કાલ્પનિક મહત્તાથી ફૂલાઈ જાય છે. સારો દિવસ પોતાનાજ ગુણગાન કરવાં કે સાંભળવાં તેજ તેનો આનંદ હોય છે.

તે પોતાની સ્તુતિ સાંભળવાની આતુરતા ધરાવે છે અને તેના સ્તુતિ કરનારા અંતે તેને ફોલી ખાય છે.

તૃતિય પરિચ્છેદ

ઉદ્યોગ

ગએલો વખત કદી પાછો આવતો નથી અને જે વખત આવવાનો છે તેતો આવે કે નયે આવે. તેથી હે માનવી! જે વખત વહી ગયો તે માટે દીલગીર થયા વગર અને જે વખત હવે પછી આવે તેના ઉપર અત્યંત આધાર રાખ્યાવિના સાંપ્રત સમય (વર્તમાન) નો સૌથી રૂડો ઉપયોગ કર.

આવેલી પળ ત્હારી છે; બાકી પળતો ભાવિના ઉદરમાં છે, તે શું ઉત્પન્ન કરશે તે તું જાણતો નથી.

તું જે કાંઇ કરવા ધારતો હોય તે તુર્તજ કરી નાખ; જે કાંઇ સવારે થઇ શકતું હોય તે સાંજ સુધી મુલત્વી ન રાખ.

આળસ દુઃખ અને દારિદ્રયની જનેતા છે; પણ સદ્ગુણી મનુષ્યની મહેનત આનંદમાંજ પરિણમે છે.

ઉદ્યોગીનો હાથ દારિદ્રયને ફિટાડે છે; સમૃદ્ધિ અને વિજય ઉદ્યોગીના અનુચરો છે.

જે મનુષ્યે સંપત્તિ મેળવી છે, જેણે સત્તાધિકાર પ્રાપ્ત કર્યો છે, જે માનથી વિભૂષિત છે, નગરજનો જેની સ્તુતિ કરે છે, જે રાજાના દરબારમાં ઉભો રહેવાને લાયક થયો છે તે મનુષ્ય કોણ છે? તે 'તેજ માણસ છે કે જેણે આળસને પોતાના ગૃહ બ્હાર હાંકી કાઢી છે અને એદીપણાને જે કહે છે કે "તું તો મ્હારો શત્રુ છે."

તે વ્હેલો ઉઠે છે અને મોડો સૂવે છે; તે વિચારથી પોતાના મનને અને કાર્યથી પોતાના તનને કસે છે અને ઉભયનું સ્વાસ્થ્ય જાળવે છે.

આળસુ માણસ પોતાને બોજારૂપ છે; તેનો વખત કેમે વીતતો નથી; તે આમ તેમ ફાંફાં મારે છે અને શું કરવું તે તેને સૂઝતું નથી.

તેના દિવસો વાદળાના પડછાયાની માફક વહી જાય છે; અને તે પોતાની પાછળ પોતાની યાદગીરીનું કાંઇ ચિન્હ મૂકી જતો નથી.

કસરતના અભાવે તેનું શરીર રોગગ્રસ્ત થાય છે; તે કામ કરવા ઇચ્છે છે, પણ તેનામાં હાલવા ચાલવાની શક્તિ હોતી નથી. તેનું મન મુંઝાય છે; તેના વિચારો ગૂંચવાય છે; તે જ્ઞાન મેળવવા આતુર હોય છે પણ તેનામાં ઉદ્યમ હોતો નથી. તે બદામનું મીંજ ખાવાને તલસે છે પણ તેનું છોડું ભાંગવાને આળસાય છે.

તેનું ઘર અવ્યવસ્થીત હોય છે; તેના નોકરો નકામો વ્યય કરાવનારા અને મોજીલા હોય છે; તે નાશ તરફ ધસે જાય છે; તે પોતાનો નાશ નિજ આંખે નિહાળે છે; નિજ કાને સુણે છે. તે જોઇ પોતાનું મસ્તક ધુણાવે છે અને તેનાથી દૂર રહેવા ઇચ્છે છે; પણ તેનામાં નિશ્ચયનો અભાવ હોય છે. અંતે નાશ વાવાઝોડાની પેઠે તેના ઉપર ધસી આવે છે અને કલંક અને પશ્ચાતાપ તેની ઘોરમાં તેનો સાથ કરે છે.

ચતુર્થ પરિચ્છેદ

સ્પર્ધા

જો ત્હારો આત્મા માનને માટે તલસતો હોય, જો સ્તુતિના વચનોથી તારી શ્રવણેન્દ્રિયને જરા પણ આલ્હાદ થતો હોય, તો જે ક્ષુદ્ર માટીનું ત્હારૂં પૂતળું ઘડેલું છે તેનાથી ઉચ્ચતર દૃષ્ટિ કર અને કાંઇક પ્રશંસનીય વસ્તુ પ્રત્યે ત્હારૂં લક્ષ્ય ચોંટાડ.

જે વટવૃક્ષ આજે સ્વર્ગને સ્પર્શે છે તે એક વખત પૃથ્વિના ઉદરમાં બીજ રૂપેજ હતું,

ત્હારો ધંધો રોજગાર ગમે તે હોય પણ પ્રથમ તેમાં નિપુણતા મેળવવાનો યત્ન કર. તેમજ સુકાર્યમાં કોઇને ત્હારી આગળ વધવા દેતો નહીં. તેમ છતાં અન્યના ગુણોની ઇર્ષ્યા કરીશ નહીં પણ ત્હારી પોતાની શક્તિઓ સુધારવા પ્રયત્નશીલ થજે.

ત્હારા હરીફને અપ્રામાણિક કે અયોગ્ય રીતે દાબી દેવાનું તું તીરસ્કારજે; તેના કરતાં ચઢીઆતા ગુણો કેળવી તેનાથી ઉચ્ચતર બનવાનો પ્રયત્ન કરજે. તેમ કરવાથી તારી હરિફાઇ વિજયી ન નીવડે તો પણ માનવંતી તો થશેજ.

નીતિયુક્ત અને પ્રામાણિક સ્પર્ધાથી મનુષ્યનો આત્મા ઉચ્ચતાને પામે છે: તે કીર્તિને માટે ઝંખે છે અને શરતના ઘોડાની માફક શરતમાં ઉતરવામાં આનંદ માને છે.

તાડનું ઝાડ જમીન તોડી બ્હાર નીકળે તેવી રીતે ઠબાણ તોડી તે ઉંચે આવે છે. તે ચંડોળ પક્ષીની માફક આકાશમાં ઉંચે ને ઉંચે ઉડે છે અને સૂર્યના તેજ સામેજ દ્રષ્ટિ ચોંટાડી રાખે છે.

મહાન પુરૂષના દ્રષ્ટાંતો રાત્રે સ્વપ્નામાં તેની નજર આગળ તર્યા કરે છે અને આખો દિવસ તેમના પગલે પળવામાં તેને આનન્દ પડે છે.

તે મહાન યોજનાઓ ઘડે છે અને તે પાર પાડવામાં આનંદમગ્ન રહે છે. તેની કીર્તિ દુનિયાના એક છેડાથી બીજા છેડા સુધી ફેલાય છે.

પણ ઇર્ષ્યાખોર માણસનું હૃદય કટુતા અને ઝેરથી ભરેલું હોય છે; તેની જીભમાંથી ઝેર વહે છે. પડોશીનો વિજય તેની નિદ્રાનો ભંગ કરે છે.

તે તેની ઝુંપડીમાં બળતો કકળતો પડી રહે છે. અન્યનું ઇષ્ટ તે તેને અનિષ્ટજ લાગે છે.

તેના હૃદયમાં તિરસ્કાર અને ઇર્ષ્યાનો અગ્ની બળ્યા કરે છે અને તેને કાંઇજ આરામ મળતો નથી.

તેના હૃદયમાં ભલાઇ માટે કાંઇજ ભાવ આવતો નથી અને તેથી પોતાનો પડોશી પોતાના જેવોજ છે તેવું માની બેસે છે.

પોતાથી ઉચ્ચત્તર માણસોને હલકા પાડવા તે મથે છે અને તેમના સર્વ કાર્યનો અનર્થ કરે છે અને તેમાં ખોટા ઉદ્દેશનું આરોપણ કરે છે.

તે હમ્મેશાં તક જોયા કરે છે અને નુકશાન પહોંચાડવાનો વિચાર કર્યાજ કરે છે. લોકો તેને નિરંતર ધિઃક્કારે છે અને તે કરોળીઆની માફક તેની પોતાનીજ વણેલી જાળમાં મુંઝાઇ મરે છે.

પંચમ પરિચ્છેદ

ડહાપણ

ડહાપણની શીખામણ સાંભળ. તેનો બોધ ધ્યાનપૂર્વક સુણ અને તે ત્હારા હૃદયમાં ઉતાર. તેની કહેવતો વિશ્વવ્યાપી (વ્યાપક) છે. બીજા બધા સદ્ગુણ તેના પર અવલંબેલા છે. તે મનુષ્યજીવનનું નિયંતા અને સારથી છે.

ત્હારી પોતાની જીભ ઉપર લગામ રાખ, ત્હારા હોઠ ઉપર ચોકી રાખ કે જેથી ત્હારા પોતાના ઉચ્ચારેલા શબ્દો ત્હારી શાંતિનો નાશ કરે નહિ.

જે માણસ કોઇ અપંગની હાંસી કરે છે તેણે સાવચેત રહેવું

જોઇએ કે તે પોતે ઠોકર ખાય નહીં. જે માણસ બીજાના દોષ (અવગુણ, ખામીઓ) આનન્દથી સાંભળે છે તે ઘણા ખીન્ન હૃદયે પોતાની ખામીઓ પણ સાંભળશે.

બહુ બોલવાથી પશ્ચાતાપ સંભવે છે પણ ન બોલવામાં નવ ગુણ છે—સહીસલામતી છે.

વાતોડીઓ માણસ સમાજને ડખલ કરનારો છે. તેના લખલખાટથી શ્રવણેન્દ્રિય કંટાળી જાય છે. તેનો શબ્દપ્રવાહ વાતને દબાવી-ડૂબાવી દે છે.

ત્હારી પોતાની બડાઇ ન માર, કારણ કે તેથી તારા પોતા ઉપરજ તિરસ્કાર ઉતરશે. તેમજ બીજાની હાંસી ન કર કારણ કે તેમ કરવું જોખમ ભરેલું છે.

કટુ મર્મ એ મિત્રતાનું ઘાતક છે. જે પોતાની જીભના ઉપર કાબુ રાખી શકતો નથી તે વિટંબણામાં ફસાઇ પડે છે.

ત્હારી સ્થિતિના પ્રમાણમાં યોગ્ય સગવડતાઓ રાખજે. છતાં ન ઉપડે તેવું કાંઇજ ખર્ચ કરીશ નહિ. ત્હારી જુવાનીનો વિવેક ત્હારી વૃદ્ધાવસ્થામાં તને સુખદાયી નીવડશે.

લોભ એ પાપનું મૂળ છે; પણ કરકસર એ સદ્ગુણનું સંરક્ષક છે.

ત્હારા પોતાનાજ કામમાં ધ્યાન આપ. જગતકાજી બનીશ નહીં. રાજની ચીંતા રાજવીઓને સોંપ.

ત્હારી વિશ્રાંતિ કે આનન્દ ખર્ચાળ ન હોય તે બાબત સાવધ રહેજે કે જેથી તેમાંથી તને જે આનન્દ પ્રાપ્ત થાય તેના કરતાં તે આનન્દ મેળવવાનું ખર્ચ વધી ન જાય.

તેમજ જહાંગીરીમાં ચતુર્દિશ જોવાનું ભૂલતો નહીં. સમૃદ્ધિ કરકસરના હાથપર કરવત ન ફેરવે તે માટે સાવધ રહેજે. જે માણસ

જીવનની અનાવશ્યક મોજમઝાઓમાં મ્હાણે છે તેને જરૂરીયાત પૂરતું પણ પ્રાપ્ત ન કરી શકવાની સ્થિતિ સાંપડશે.

બીજાઓના અનુભવમાંથી ડહાપણ શીખ: અને તેમની ખા-મીઓ જોઇ ત્હારા દોષ સુધાર.

કસોટીએ ચડાવ્યા વિના કોઇનો ભરોસો ન કરવો પણ વિના કારણ કોઇના પર શંકાએ ન લાવવી. તેમ કરવું તે અમાનુષિ-અનુદાર (uncharitable) કાર્ય છે.

પણ એક વાર કોઇ માણસ પ્રામાણિક નીવડે તો તેને ત્હારા હૃદયમાં કીંમતી જવાહીરની પેઠે જડી રાખજે; તેને અમૂલ્ય ગણી ગાંઠે બાંધજે.

પૈસા માટે કામ કરનાર (પગારદાર–Mercenary) માણસની બક્ષીસોનો અસ્વીકાર કરજે. તે તને સપડાવનાર મોહજાળ નીવડશે. તેના રૂણમાંથી તું કદી મુક્ત થઇ શકીશ નહીં.

આવતી કાલે જેની જરૂર પડે તે આજે વાપરી નાખતો નહિં. અગમ બુદ્ધિ જે અટકાવી શકે અગર પ્રાપ્ત કરી શકે તે નસીબ ઉપર રાખી મૂકતો ના.

ડહાપણમાંથીએ અચૂક વિજયની તો આશા રાખતોજ નહીં. ન જાણે જાનકી નાથ પ્રાતઃકાળે કીં ભવિષ્યતી–રાત્રે શું થશે તે દિવસે કેમ જાણી શકાય ?

મૂર્ખ હંમેશાં કમનસીબ નથી હોતો; તેમજ ડાહ્યો માણસ પણ કાંઇ હમ્મેશાં ફત્તેહમંદ નથી હોતો. છતાં કોઇ મૂર્ખને કદી સંપૂર્ણ સુખ સાંપડ્યું નથી. કોઇ ડાહ્યો માણસ કદી તદ્દન દુઃખી જોવામાં આવ્યો નથી.

ષષ્ટ પરિચ્છેદ

સહનશીલતા

આ દુનિયાપર અવતાર પામનાર દરેક માણસના નસીબમાં જોખમો, વિટંબણાઓ, દુઃખ અને દારિદ્રય અને નુકશાન ઓછાવત્તા પ્રમાણમાં નિશ્ચિત રૂપે લખાએલાં હોય છે.

તેથી સંતાપના સંતાનરૂપ હે માનવી ! (child of calamity) વ્હેલાસર ત્હારે ત્હારા હૃદયને ધીરજ અને હીંમતથી દ્રઢ બનાવવાની જરૂર છે કે જેથી માનુષિ દુઃખનો ત્હારો હિસ્સો તું દ્રઢતાથી સહન કરી શકે.

જેવી રીતે ઉંટ રેતાળ રણોમાં થઇ બોજો, તાપ, ભૂખ અને તરસ વેઠે છે છતાં મૂર્છિત થતું નથી તેવીજ રીતે માણસની સહનશીલતા બધા જોખમો વચ્ચે તેને નિભાવે છે.

ઉન્નત આત્મા નસીબના ધીટકારને તુચ્છકારે છે: તેના આત્માની મહત્તા કદી નિરાશા અનુભવતી નથી.

નસીબનાં સ્મિત (કૃપાઓ) ઉપર તે પોતાનું સુખ અવલંબવા દેતો નથી, અને તેથી તેની અકૃપાથી તે હતાશ થતો નથી.

દરીઆની અંદરના ખડકની પેઠે તે દ્રઢ વિહરે છે અને દુઃખરૂપી મોજાં તેને નુકશાન પહોંચાડી શકતાં નથી.

તે પોતાનું મસ્તક ટેકરી ઉપર બાંધેલા બુરજની પેઠે ઉંચું રાખે છે અને નસીબનાં તીર તેના પગ તળે સરી પડે છે.

ભયના સમયે તેના હૃદયની હીંમત તેને ટકાવી રાખે છે અને તેના મનની દ્રઢતા તેને નચીંત રાખે છે.

લડાઇમાં જનાર યોદ્ધાની માફક તે જીવનના સંકટોને ભેટે છે અને હાથમાં વિજય વાવટો ધારણ કરી નિજ સ્થાને પાછો ફરે છે.

દુઃખોનું દળ તેની આંતર શાંતિથી ફેડાય છે અને તેની નિશ્ચયતા તે પર વિજય મેળવે છે.

પણ બીકણનો પામર આત્મા તેના શિરે કલંક લાવે છે.

ગરીબાઈથી હારી જઈ તે હલકાઈનો માર્ગ ગ્રહણ કરે છે અને મૂંગે મોઢે અપમાન સહન કરી નુકશાન અને નાશને તે આમંત્રે છે.

પવનની ફરકથી જેમ ડાળખી ફરકે છે તેમ અલ્પ દુઃખની છાયા માત્ર તેને થથરાવે છે.

જોખમના સમયે તે મુંઝાઈ અને ગુંચવાઈ જાય છે. દુઃખના પ્રસંગે તે હતાશ થઈ જાય છે અને નિરાશામાં તેનો આત્મા ગરકી જાય છે.

સપ્તમ પરિચ્છેદ

સંતોષ

હે માનવી ! તું કદી ભૂલીશ નહીં કે આ દુનિયામાં ત્હારૂં અસ્તિત્વ ઇશ્વરના ડહાપણથી નિર્ણીત છે. તે ત્હારા હૃદયને ઓળખે છે. ત્હારી તમામ ઇચ્છાઓનું મિથ્યાપણું તે પારખે છે અને ઘણીવાર દયાથી પ્રેરાઈ તે ત્હારી અરજીઓનો અસ્વીકાર કરે છે.

છતાં સર્વ યોગ્ય ઇચ્છાઓને માટે, સર્વ પ્રામાણિક પ્રયત્નોને માટે તેની ભલાઈએ સ્વાભાવિક રીતે વિજયનો સંભવ સ્થાપિત કર્યો હોય છે.

તને જે આકુળવ્યાકુળતા થાય છે, તું જે સંકટો માટે શોચ કરે છે તેનું કારણ—તેનું મૂળ—ત્હારી પોતાની મૂર્ખતા, ત્હારી પોતાની મગરૂબી, ત્હારો પોતાનો અઘટિત (distempered) તરંગ છે.

તેથી ઇશ્વરી ન્યાય માટે તું કદી ફરીયાદ ન કર, પણ ત્હારૂં પોતાનું હૃદય સુધાર. ત્હારા મનમાં તું કદી એવું ના કહેતો કે "જો મ્હારી પાસે દ્રવ્ય, સત્તા અગર સમય હોત તો હું સુખી થાત." કારણ કે, તે બધાં તેમના માલેકોને તેમની ખાસ અગવડતાઓ (દુઃખો, મુંઝવણો) આપનારાં છે.

ગરીબ માણસ તવંગરની ચીંતાઓ અને હૃદયની હોળીઓ જોઇ શકતો નથી; તે સત્તાવાનની મુશ્કેલીઓ તથા સંતોષ સમજી શકતો નથી; તેમજ ફુરસદવાળાના કંટાળાનો તેને ખ્યાલ નથી અને તેથીજ તે પોતાના નસીબનો શોચ કર્યા કરે છે.

કોઇ પણ માણસના દેખીતા સુખની ઇર્ષ્યા કદી કરતો ના કારણ કે તેના અંતરની પીડાઓ તું જાણી શકે તેમ નથી.

થોડાથી સંતોષ પામવો તે મહાન્ ડહાપણ છે. જેમ પૈસા વધે છે તેમ ચિંતાઓ વધે છે. સંતોષી મન કીંમતી ખજાનો છે. ચીંતાતુરને તે ખજાનો કદી પ્રાપ્ત થતો નથી.

છતાં જો દ્રવ્યના પ્રલોભનોથી લલચાઇ તું ન્યાય, દયા, નમ્રતા અને યોગ્યતાને છોડી દઇશ નહી તો ધન (દ્રવ્ય) પણ તને દુઃખી કરી શકશે નહીં.

પણ તેમાંથીજ તું સમજી શકીશ કે અમિશ્રિત સુખનો પ્યાલો નાશવંત માનવજીવનના માન માટે નથીજ.

ઇશ્વરે સદ્ગુણની શરત માટે માણસને સરજ્યો છે. સુખ એ ધ્યેય છે. શરત પૂરી થયા વિના એ ધ્યેયે કોઇ પહોંચી શકે નહીં. શરતનું ઇનામ અનંતતાના મહેલોમાં મળે છે.

અષ્ટમ પરિચ્છેદ

નિયમન

આ ભવમાં તું જે મ્હોટામાં મ્હોટું સુખ પ્રાપ્ત કરી શકે તે ઈશ્વિર બક્ષીત સમજણ અને તંદુરસ્તી છે.

જો આ આશીર્વાદ તને પ્રાપ્ત થએલ હોય અને જો તું તે વૃદ્ધાવસ્થા પર્યંત ટકાવી રાખવા માગતો હોય તો મોજમઝાની લાલચો અને પ્રલોભનોથી દૂર રહે.

જ્યારે મોજમઝા પોતાની સ્વાદીષ્ટ વાનીઓ પીરસે, જ્યારે તેનુ પાન (wine) પ્યાલામાં પ્રકાશે, જ્યારે તે સસ્મિત ત્હારા સામું નિહાળે અને તને આનંદ અને શોખમાં વિલસવા નોતરે, ત્યારેજ ખરો જોખમનો મામલો ઉપસ્થિત થાય છે. તે વખતે ત્હારી બુદ્ધિને દ્રઢ અને સાવધાન રાખજે.

જો તું બુદ્ધિની વિરોધી મોજમઝાના મોહક શબ્દપાસમાં સપડાયો તો ત્હારો નાશજ સમજજે.

તે જે આનંદની લાલચ આપે છે તે ઉન્માદયુક્ત નીવડે છે. તેની મઝાઓ માત્ર પીડા અને પ્રાણઘાત ઉપજાવે છે.

તેણે રચેલી મિજલસ પ્રત્યે નજર નાંખ. તેના પરોણાઓ પ્રત્યે દૃષ્ટિ કર. તેના સ્મિતથી લલચાઇ, તેની લાલચોને વશ થઇ જેઓ ત્યાં આવ્યા હોય તેમને તું નિહાળ.

શું તેઓ દુર્બળ, રોગી, અને નંખાઇ ગએલા દીસતા નથી?

તેમના આનન્દ અને મિજલસનાં ટુંક સમયને અંતે ઉપદ્રવ અને ઉદ્વેગના લાંબા દિવસો આવે છે. તેણે તેમની રૂચીને એટલી અતિતૃપ્ત કરી છે કે તેની સુંદરમાં સુંદર વાનીઓ પ્રત્યે તેમને લેશમાત્ર ભાવ રહ્યો નથી. તેના ભક્તો તેના ભોગ થઇ પડયા છે. ઇશ્વરી

બક્ષીસનો ગેરઉપયોગ કરનારને માટે સરજનહારે તે ન્યાયયુક્ત અને સ્વાભાવિક શિક્ષા ફરમાવી છે.

પણ સુંદર પગલે અને ચૈતન્યયુક્ત આકૃતિએ મેદાનમાં મ્હાલતી પેલી વ્યક્તિ કોણ છે?

તેના ગાલ ઉપર ગુલાબની સુરખી છે. તેના ઉચ્છ્વાસમાં ઉષાની સુરભ છે. તેના નયનમાં મૃદુતા અને નિર્મળતા મિશ્રિત આનન્દ ચમકી રહેલ છે. તેના ડગલે ડગલે તેના હૃદયનો આનન્દ નીતરી રહ્યાં છે.

તેનું નામ તંદુરસ્તી છે. તે કસરતની પુત્રી છે જેણે તેને સંયમ (મિતાહાર) ના સહયોગથી જન્મ આપ્યો છે. તેના પુત્રો સહ્યાદ્રિના ઉન્નતશૃંગોમાં નિવાસ કરે છે.

તેઓ બહાદુર, ચપળ અને ચૈતન્યયુક્ત છે અને તેમની બ્હેનની તમામ સુંદરતા અને સદ્‌ગુણના સહભાગી છે.

તેમના સ્નાયુઓમાં જોમ છે. તેમના અસ્થિ સુદ્રઢ છે. અને સારા દિવસની મહેનત તેજ એમનો ઉમંગ છે.

તેમના પિતાના વ્યવસાય તેમની અભિરૂચીને પ્રોત્સાહન આપે છે. અને તેમની માતાના (repasts)અલ્પાહાર તેમને આરામ અને આનંદ આપે છે.

વૃત્તિઓનું દમન અને વિરોધ તે તેમનો આનંદ છે. કુટેવોનો પરાજય તે તેમની કીર્તિ છે.

તેમના આનંદ (મોજ શોખ) પ્રમાણસર (moderate) હોય છે અને તેથી તે ટકી રહે છે. તેમનો આરામ અલ્પ પણ ગાઢ અને પ્રશાંત હોય છે.

તેમનું રૂધીર નિર્મળ હોય છે. તેમની ચિત્તવૃત્તિઓ ચોખ્ખી હોય છે. વેદના પગલાં તેમના નિવાસ સ્થાન સુધી કદી પહોંચી શકતાં નથી.

પણ માનવોનાં જીવન સહિસલામત હોતાં નથી. તેમ તેમનાં ગૃહમાં સાશ્વત સલામતી પણ હોતી નથી.

અંદરખાને તેમને દગો દેવાને દગાખોર તૈયાર બેઠો હોય છે; ત્યારે બહારથી નવાં જોખમોનાં દળ તેમના ઉપર તૂટિ પડે છે.

તેમની તંદુરસ્તી, તેમનાં બળ, તેમની સુંદરતા અને તેમની ચપળતાએ મોહમાયાના હૃદયમાં હવસ અને આકૂળતા ઉત્પન્ન કરી છે.

તે તેના ફૂલબાગમાં ઉભી રહે છે, તેમની દૃષ્ટિ આકર્ષવા મથે છે અને તમામ લાલચો પ્રસરાવે છે.

તેના અવયવો મૃદુ અને સુકોમળ છે, તેનો પોષાક છૂટો અને મોહક છે, તેના નયનમાં ટીખળનો ચમકારો (wantonness) છે, અને વક્ષઃસ્થળ ઉપર પ્રલોભન વિરાજે છે. તે તેમને પોતાની સુકોમળ અંગુલીથી આમંત્રે છે, તે કટાક્ષ બાણ, તેમના પર ફેંકે છે અને સ્વરની મધુરતાથી તે મોહપાસ નાખે છે.

અરે તેની લાલચોથી દૂર રહે. તેના મોહક શબ્દો ત્હારી શ્રવણેન્દ્રિય પર પડવા ન દે. જો તું તેના નયનના કટાક્ષ નિહાળીશ, જો તું તેના મૃદુ અવાજને સુણીશ, જો તે તેના હસ્તપાશ ત્હારા ગળા ઉપર નાખશે તો તું તેના રાગમાં—તેના મોહમાં, તેની જાળમાં સાશ્વત સપડાયો તેમ નક્કી માનજે.

એકવાર ફસાયો તો નિદાન કલંક, દારિદ્રય, દુઃખ, દીલગીરી અને પરિતાપ એજ એનું પરિણામ છે.

તું મોહકતા (dalliance) થી નીર્બળ બનીશ, મોજમાં મગ્ન થઈશ, આળસથી દુર્બળ થઈશ. ત્હારા અવયવોનું જોમ જતું રહેશે. ત્હારા શરીરની સુરખી (health) ઉડી જશે. ત્હારૂં આયુષ્ય ટુંકાશે અને તું કીર્તિવિહીન થશે. ત્હારા ઉદ્વેગનો પાર રહેશે નહીં અને છતાં દયા છાંટાભાર તને પ્રાપ્ત થશે નહી.

પ્રથમ ખંડ

પુસ્તક બીજું.

પુસ્તક બીજું.

વૃત્તિઓ—PASSIONS.

પ્રથમ પરિચ્છેદ

આશા અને ભય

આશાનાં વચનો ગુલાબની કળીઓથી પણ અધિક મધુરાં અને ઇચ્છાને લલચાવનારાં છે. પણ ભયની ધમકીઓ હૃદયને કારકારૂપ હોય છે.

તેમ છતાં જે સત્ય છે તે આચરવામાં આશા તને અન્ય રસ્તે લલચાવી જાય નહી તેમજ ભય તને અટકાવે નહીં તે બાબત સાવધાન રહેજે. તેમ કરવાથી દરેક પ્રસંગે શાંત ચિત્તથી તું વર્તી શકીશ.

મૃત્યુની ધાક પણ સારા માણસને કાંઇ ભય ઉપજાવી શકતી નથી. જેણે કાંઇજ અનિષ્ટ કર્યું નથી તેણે કોઇપણ વસ્તુની બીક રાખવાપણું હોતું નથી.

ત્હારા દરેક કાર્યમાં બુદ્ધિયુક્ત શ્રદ્ધાથી ત્હારા પ્રયત્નોને દૃઢ બનાવજે. જો તું વિજયની નિરાશા દાખવશે તો તું કદી ફત્તેહમંદ થઇશ નહીં.

મિથ્યાભયથી ત્હારા આત્માને કદી બીવડાવીશ નહીં તેમજ કાલ્પનિક દર્શ્યોથી તું હતાશ થતો નહીં.

બીકમાંથી સંકટ ઉદ્‌ભવે છે પણ આશાવંત પોતાના આત્માને મદદરૂપ થાય છે.

શાહામૃગ શિકારીઓથી છટકવા પોતાનું મસ્તક સંતાડે છે છતાં શરીરને ભૂલી જાય છે. તેવીજ રીતે ડરપોકની બીક તેની જીંદગીને જોખમમાં નાખે છે.

જો તું કોઇ વસ્તુ અશકય ગણતો હોઇશ, તો ત્હારી નિરાશા તેને અશકયજ બનાવશે, પણ ખંતથી પ્રયત્નશીલ માણસના પ્રયાસ પહાડોને ભેદી શકે છે.

મિથ્યા આશાઓ મૂર્ખના મનને ફુલાવે છે પણ ડાહ્યો માણસ તેની શોધ ત્યજી દે છે.

ત્હારી દરેક ઇચ્છા બુદ્ધિ પ્રેરીત હોવા દે. સંભવિતતાની હદને ત્હારી આશાઓ વળોટી (ઓળંગી) ન જાય તે જોજે. તેમ કરવાથી ત્હારાં ઉપાડેલાં કામમાં તને વિજય પ્રાપ્ત થશે. ત્હારા હૃદયને નિરાશાના આઘાત અડશે નહીં.

દ્વિતીય પરિચ્છેદ

આનંદ અને ઉદ્વેગ

ત્હારો આનંદ ત્હારા મનનો ઉન્માદ પેદા કરે તેટલો અતીશય ન હોવો જોઇએ તેમ ત્હારો ઉદ્વેગ એવો ભારે ન થવો જોઇએ કે હૃદયને ખીન્ન કરે આ દુનિયામાં અત્યંત આલ્હાદપ્રદ કંઇ સુખ કે અત્યંત ઉદ્વેગકારી કોઇ દુઃખ કદી એવું મળ્યું નથી કે જેથી મધ્યમતાના ત્રાજવામાં બહુ ઉંચે કે બહુ નીચે તું ચઢી જાય કે ઉતરી પડે.

જો ! પણે આનન્દનું ગૃહ છે. તે બ્હારથી રંગીન છે અને સુંદર દેખાય છે. તેમાંથી નીરંતર નીકળતા મઝા અને ઉપહાસના અવાજ ઉપરથી તે ઓળખી શકીશ.

તે ગૃહની દેવી ઉંબરે ઉભી છે અને વટેમાર્ગુઓને મ્હોટેથી આમંત્રે છે. તે ગાય છે અને બોલાવે છે અને અસ્ખલીત હાસ્યજ કરે છે.

તે વટેમાર્ગુઓને પ્રવેશ કરવા અને જીંદગીનો આનંદ અનુભવવા લલચાવે છે. તેવો આનન્દ તેના ગૃહ સિવાય અન્યત્ર પ્રાપ્ત નહીં થઈ શકે તેવું તે નિવેદન કરે છે.

પણ તેના દ્વારમાં તું પગ મૂકતો નહીં. તેમ તેના ગૃહનો પરિચય રાખનારની સાથે સંબંધ પણ ધરાવતો નહીં.

તેઓ પોતાને આનન્દના તનુજો તરિકે ઓળખાવે છે. તેઓ હસે છે અને આનન્દીત દીસે છે. પણ તેમનાં સકળ કાર્યમાં મૂર્ખતા અને ઉન્માદજ હોય છે.

તેમના હસ્ત વિનાશના હસ્ત સાથે સંકળાએલા હોય છે, તેમનું ગમન આનષ્ટતા પ્રાંતજ હોય છે, તેમનો માર્ગ જોખમથી ઘેરાએલો હોય છે, તેમના પગ સન્મુખ વિનાશનો આગાર—ખાડો મ્હો ફાડી પડયો હોય છે.

હવે પણે બીજી બાજુએ જો અને પેલી વૃક્ષોની ઘટાવાળી ખીણમાં માનવ દ્દષ્ટથી ઘણે દૂર ઉદ્વેગના એકાંત પર્ણકૂટિ તરફ દ્દષ્ટ કર.

તેનુ વક્ષઃસ્થળ નિસાસાથી કંપે છે, તેના કંઠમાંથી વિલાપનો સ્વર નીકળ્યા કરે છે. માનવ દુઃખ વિષે સારો દિવસ વિચાર કરવાનું તેને ગમે છે.

તે જીવનના સામાન્ય આકસ્મિક બનાવો જુએ છે અને રડે છે. મનુષ્યની દુર્બળતા અને દુષ્ટતાનીજ વાત તેના મુખમાંથી સર્યા કરે છે.

સકળ સૃષ્ટિ તેને અનિષ્ટતાથી વિપૂલ દીસે છે. જે દરેક વસ્તુને તે નિહાળે છે તે નિજ અંતરની ગ્લાનીથી રંગાય છે. દુઃખનો વિલાપ રાત અને દીવસ તેની ઝુંપડીને ઝાંખી અને ગમગીન રાખે છે.

તેની ગુફા પાસે આવતો ના. તેનો શ્વાસ ચેપી છે. જીવનના બાગને શોભાવતાં પુષ્પો અને પર્ણોને તે પોતાના નિશ્વાસથી ચીમડાવી-કહોવડાવી દેશે.

આનંદના ગૃહથી દૂર રહેવા જતાં ઉદ્વેગના અંધાર મહેલ તરફ અફળાતો નહીં પરંતુ સાવચેતીથી મધ્ય રસ્તો ગૃહણ કર કે જે એક સુંદર ઢોળાવ ઉપર થઇ શાંતિના સદન આગળ તને લઇ જશે.

તેના આંતર નિવાસી શાંતિ, સહીસલામતી, સુખ અને સંતોષ છે. તેની મુખમુદ્રા આનન્દથી મલકે છે પણ તેનો આનન્દ ઉચ્છૃંખલ નથી; તે ગંભીર છે પણ ગમગીન (શોકાતુર) નથી. જીવનના સુખ-દુઃખ તે દ્રઢતાથી અને એક સરખી રીતે નિહાળે છે. પર્વત ઉપરથી જોનારની પેઠે તું અહીંથી જોઇશ તો જે લોકો કાંતો તેમના અંતરની ક્ષુલ્લક આનન્દ વૃત્તિથી પ્રેરાઇ ઉચ્છૃંખલ આનંદ અને અટ્ટહાસ્યયુક્ત મઝાની સોબતમાં નિવાસસ્થાન લ્યે છે અગર તો ઉદ્વેગ અને ખીજતાથી ગમગીન થઇ મનુષ્ય જીવનનાં દુઃખો અને વિતકો માટે દીલગીર થતાં પોતાના સકળ દિવસો ગુમાવે છે તેમની મૂર્ખતા અને કફોડી સ્થિતિ તું નિહાળી શકીશ.

તું ઉભય પ્રત્યે દયાની નજર નાખીશ તો તેમની ભૂલો તને આડે માર્ગે અથડાતો બચાવશે.

તૃતિય પરિચ્છેદ

ક્રોધ.

જેમ વાવાઝોડું પોતાના બધા જોરથી ઝાડને જડમૂળથી ઉખેડી નાખે છે અને સૃષ્ટિ સૌંદર્યને કદરૂપું બનાવે છે અગર તો જેમ પૃથ્વિના ધ્રુજારા પોતાના આંચકાઓથી આખાં શહેરો જમીનદોસ્ત કરે છે તેજ પ્રમાણે આવેશમાં આવેલા માણસનો ક્રોધ વિનાશને ચારે તરફ પ્રસરાવે છે. તેના હાથ ઉપર ત્રાસ અને વિનાશ રાહ જોતાં બેસે છે.

પણ ત્હારી પોતાની નિર્બળતાનો તું વિચાર કર. ત્હારી પોતાની નિર્બળતા તું કદી ભૂલતો નહિ. તેમ કરવાથી બીજાઓની ઉણપો ક્ષમ્ય ગણવાનું તું શીખીશ.

કદી ક્રોધ કરીશ નહીં. ક્રોધ એ ત્હારા પોતાના વક્ષઃસ્થળમાં ભોંકવા માટે અગર ત્હારા મિત્રનું મૃત્યુ કરવા માટે ઉગામેલી તલવાર છે.

જો તું ધીરજથી ન્હાની ગુસ્સો ઉત્પન્ન કરનારી વસ્તુઓ સહન કરીશ તો તે ત્હારામાં ડહાપણરૂપ ગણાશે; જો તું ત્હારા સ્મૃતિપટ ઉપરથી તે વસ્તુઓને ભૂંસી નાખીશ તો ત્હારૂં હૃદય પણ કદી તને ઠપકો નહીં દે.

શું તું નથી જોતો કે આવેશમાં આવેલો માણસ અક્કલ ગુમાવી બેસે છે ? હજુ ત્હારી બુદ્ધિ ઠેકાણે છે ત્યાં સુધીમાં, અન્યના આવેશમાંથી તું યોગ્ય સાર શોધી લે.

કોઈ કામ ક્રોધમાં તું કરીશ નહીં. શા માટે તોફાની દરીઆમાં મુસાફરી કરવા નીકળવું જોઇએ ?

જો ત્હારો ક્રોધ દબાવવો મુશ્કેલ થઇ પડતો હોય તો તે અટકાવવો તે વધારે ડહાપણ ભરેલું છે. તેથી ગુસ્સે થવાના બધા પ્રસંગોથી દૂર રહે અગર તો જ્યારે જ્યારે તેવા પ્રસંગો ઉપસ્થિત થાય ત્યારે ત્હારે બરાબર સાવધાન રહેવું.

ઉદ્ધત વચનોથી મૂર્ખ માણસ ક્રોધ પામે છે પણ જ્ઞાનિ તો તેને તિરસ્કારી કાઢે છે.

ત્હારા હૃદયમાં વેરને સ્થાન આપતોજ નહીં; તે ત્હારા હૃદયને સંતાપશે અને તારી સારામાં સારી વૃત્તિઓમાં વિકાર કરશે.

થએલા નુકશાનનું વેર લેવા કરતાં તે યાદ કરવા માટે હમ્મેશાં વધારે તત્પર રહે; જે માણસ વેરની વેળા શોધ્યા કરે છે તે પોતાનાજ વિરૂદ્ધની તક શોધે છે અને પોતાનાજ શિરે જોખમને આમંત્રે છે.

અગ્નિનો તાપ શીત જળથી ઘટે છે તેમ ગુસ્સો કરનારને નમ્ર જવાબ આપવાથી તેનો આવેશ ઓછો થાય છે, અને શત્રુ મટી મિત્ર બને છે.

તું વિચાર કર કે ત્હારે ગુસ્સાને લાયક કેટલી થોડી વસ્તુઓ છે ? તને આશ્ચર્ય ઉપજશે કે મૂર્ખ માણસ સિવાય અન્ય શા માટે ગુસ્સે થતા હશે ?

તે હમ્મેશાં મૂર્ખાઈ કે નિર્બળતામાં ઉદ્દભવે છે, પણ યાદ રાખ અને તું નક્કી જાણ કે તેનું પરિણામ પશ્ચાતાપમાંજ આવે છે.

મૂર્ખાઈને પગલે કલંક લાગેલું હોય છે. ક્રોધની પાછળ પરિતાપ કે પશ્ચાતાપજ હોય છે.

ચતુર્થ પરિચ્છેદ

દયા

જેમ વસંતમાં પૃથ્વિ પત્ર પુષ્પોથી નવપલ્લવિત થાય છે, જેમ ગ્રીષ્મ રૂતુની હુંફથી પૂર્ણ પરિપાક ઉદ્ભવે છે, તેવીજ રીતે દયાનાં સ્મિત દુઃખીને શુભાઆશિર્વાદ સમાં નીવડે છે.

જે અન્ય પ્રત્યે દયા દર્શાવે છે તે ઇશ્વરની દયાને માટે પોતાની જાતને પાત્ર બનાવે છે. પણ દયાહીન ઇશ્વરકૃપાને લાયક થઇ શકતો નથી.

ઘેટાંના આર્તનાદથી કસાઇને કાળજે કાંઇજ અસર થતી નથી. નિર્દયનું હૃદય દુઃખની વાતથી કદી દ્રવતું નથી.

પણ દયાવાનનાં અશ્રુ ગુલાબ ઉપરથી વસંત પલ્લવિત ભૂમિ ઉપર ટપકતાં ઝાકળ બિન્દુઓથી પણ વધારે મધુરાં હોય છે.

માટે દુઃખીની નીંદા સાંભળવા તું આનાકાની કરીશ નહી. નિર્દોષ ઉપર આવેલી આફતો પ્રત્યે હૃદયની વજ્રતા મા દાખવીશ.

અનાથની આશ્રય માટેની આજીજીઓ, પતિવિહોણી વિધવાઓનો ત્હારી સ્હાયની વિનંતી કરતો દુઃખી અવાજ ત્હારા કર્ણ ઉપર પડે ત્યારે તેના દુઃખ માટે દયા દર્શાવીને તારી સ્હાય માગનારને મુક્ત હૃદયે સ્હાય આપવા તત્પર થજે.

જ્યારે રસ્તામાં નવસ્ત્રાં, ભટકતાં, ધ્રુજતાં, ઘરબાર વિનાનાં ભિક્ષુકો ત્હારી નજરે પડે ત્યારે હૃદયની ઉદારતા દાખવજે; દયા અને દાનની નમ્ર પાંખવડે તેનો મૃત્યુના મ્હોમાંથી બચાવ કરજે કે જેથી ત્હારો આત્મા પણ અમર થાય.

જ્યારે કોઇ નિરાધાર પથારીવશ પીડા પોકારતો હોય, જ્યારે કોઇ કમભાગી હૃદય કારમાં ભોંયરાઓમાં પીડા ભોગવી રહેલ હોય,

અગર તો કોઇ આયુષ્યના અંત ઉપર આવેલ વૃદ્ધ માણસ ત્હારી દયાની મુગ્ધકંઠે માગણી કરે ત્યારે તેમનાં દુઃખથી દ્રવ્યા વગર, તેમની જરૂરીયાતો તિરસ્કારી, મોજશોખની અતિશયતામાં ત્હારાથી કેમજ પડ્યા રહેવાય ?

પંચમ પરિચ્છેદ

સ્વચ્છંદ અને પ્રેમ

હે યુવાન ! ઉચ્છૃંખળતા (સ્વચ્છંદ)નાં પ્રલોભનોથી સાવચેત રહેજે. તે મહામાયા તને ત્હેની મોહજાળમાં ફસાવે નહીં તે જોજે.

સ્વેચ્છાનો ઉન્માદ નિષ્ફળતામાંજ પરિણમે છે. તેનો અંધ આવેશ વિનાશવમળમાં ધસડી જાય છે.

તેથી ત્હારા હૃદયને તેની લાલચોમાં ફસાવા દઇશ નહીં. ત્હારા આત્માને તેવી જાદુઇ મોહિનિમાં દબાઇ જવા દઇશ નહીં.

ત્હારૂં સ્વાસ્થ્યનું સરોવર કે જેમાંથી આનંદનો પ્રવાહ વહેવો જોઇએ તે સત્વર સૂકાઇ જશે અને આનંદનું નૈસર્ગિક ઝરણું સરતું બંધ થશે.

ભરયુવાનિમાં વૃદ્ધાવસ્થાને આધિન તું થઇશ. ત્હારા આયુષ્યની સવારમાં ત્હારો સૂર્યાસ્ત થશે.

પણ સદ્‌ગુણ અને નિર્દોષતાથી પ્રેરીત પ્રેમ સુંદરીની મોહકતા અને ઓજસ સ્વર્ગીય તારકો કરતાં પણ વિશેષ ચમકે છે ત્યારે તેના મોહબળ સ્હામે થવું મિથ્યા છે.

તેનું વક્ષઃસ્થળ કમળથી અધિક શ્વેત, તેનું સ્મિત હસતા ગુલાબના ચમન કરતાં પણ વધારે મધુરૂં છે.

તેના નયનની નિર્દોષતા પારેવાની નિર્દોષતા સમાન હોય છે. સાદાઈ અને સત્યનો તેના હૃદયમાં વાસો હોય છે.

તેના મુખનું માધુર્ય મધની મિષ્ટતાથી ચડીઆતું હોય છે. તેના ઓષ્ટમાંથી અરેબીઆની ખુસ્તુમાં સુગંધી ઝરે છે.

પ્રેમની સુકોમળતાના અંકુર ત્હારા હૃદયમાં ઝીલજે. તેની નિર્મળ પ્રેમલ જ્યોત ત્હારા આત્માને ઉન્નત બનાવશે અને સુંદરમાં સુંદર અસરો ઝીલવા પૂરતો તેને સુકોમળ બનાવશે.

પુસ્તક ત્રીજું.

સ્ત્રી

હે સ્ત્રી ! ડહાપણના શબ્દ સાંભળ. સત્યનો બોધ ત્હારા હૃદયમાં ઉતાર. તેમ કરવાથી ત્હારા મનની મોહકતા ત્હારા બાહ્ય સ્વરૂપને અધિક ઓજસ્વી બનાવશે. અને ત્હારી ગુલાબની સુરખી સમી શોભા ચીમળાતાં છતાં પણ તેનું માધુર્ય સંઘરી રાખશે.

ત્હારી યુવાનિના ખીલતા પહોરે, ત્હારા આયુષ્યની તરુણાવસ્થામાં જ્યારે મનુષ્યો મુગ્ધ મને ત્હારા પ્રત્યે દૃષ્ટિપાત કરે છે અને તેમની દૃષ્ટિનો અર્થ સ્વાભાવિક રીતે ત્હારા સમજવામાં આવે, ત્યારે તેમના લલચાવનારા શબ્દોથી સાવચેત રહેજે, ત્હારા હૃદયને પૂરતું કાબુમાં રાખજે, તેમની મધુરી સમજાવટ ઉપર ધ્યાન આપીશ નહી.

યાદ રાખ કે તું મનુષ્યની બુદ્ધિયુક્ત સહચરી થવાને, નહીં કે તેની વૃત્તિઓની ગુલામી સ્વીકારવાને સૃજાએલી છે. ત્હારા અસ્તિત્વનો ઉદ્દેશ તેના સ્વચ્છંદને પોષવાનો નથી, પણ જીવન કલહમાં તેને મદદગાર થવાનો, ત્હારી સુકોમળતાથી તેને આરામ આપવાનો અને તેની ત્હારા પ્રત્યેની કાળજીનો મીઠી વહાલપ અને લાડથી બદલો વાળવાનો ત્હારા જીવનનો ઉદ્દેશ છે.

જે સ્ત્રી મનુષ્યનું મન હરણ કરે છે, જેનો તે પ્રેમથી પરાજય કરે છે અને જે તેના હૃદયની રાણી હોય છે તે સ્ત્રી કેવી હોય છે ?

જો પેલી મધુરી મુગ્ધા વિચરે છે. તેના હૃદયમાં નિર્દોષતા, તેના ચ્હેરા ઉપર નમ્રતા અને મુગ્ધતા દીસે છે.

તેના હાથ નવરા રહેતા નથી. તેના પગ નિરર્થક રખડવામાં આનંદ માનતા નથી.

તેણે સુઘડ વસ્ત્રો પરિધાન કરેલાં છે. યોગ્ય આહાર વિહાર તે તેનું જીવન સૂત્ર છે. તેના મસ્તક ઉપર નમ્રતા અને સાલસતાને મુગટ વિરાજે છે.

તેના કંઠમાંથી સંગીત, તેના ઓષ્ટમાંથી અમૃત સમાન મધુરતા ઝરે છે.

તેનાં વચનો સુંદર અને સુરૂપ (decent) છે. તેના ઉત્તરોમાં મૃદુતા અને સત્યતા હોય છે.

અધિનતા અને આજ્ઞાંકિતતા તેના જીવનના મુખ્ય મંત્રો છે. સુખ અને શાંતિ એ તેને મળેલાં વરદાન (આશિર્વાદ) છે.

તેને દરેક પગલે ડહાપણ અને જમણે પડખે સદ્ગુણ સહચરે છે.

તેનાં નયન મૃદુતા અને સ્નેહભર્યા બણ તેની ભ્રૂકુટિના રાજ્યાસને વિવેક વિરાજે છે.

વિષયોની વાચા તેના સન્મુખ જકડાઇ જાય છે. તેના સદ્ગુણને પ્રભાવ તેને અવાચ બનાવે છે.

જ્યારે લોકવાર્તાઓ પ્રફૂલ્લી રહી હોય અને તેના પાડોશીની ક્રીત ચારે તરફ ફેલાઇ રહી હોય છે ત્યારે તેના સુસ્વભાવ અને સદ્વૃત્તિ વિષે તે કાંઇ કહી શકે નહીં તો તે વિષે તે કાંઇ વાત ન ઉચ્ચારવાનું પસંદ કરે છે.

તેનું હૃદય ભલાઇનો ભવ્ય મહેલ છે. તેથી અન્યમાં અનિષ્ટતા તે જોતી નથી.

જે મનુષ્યને આવી સ્ત્રી પ્રાપ્ત થઇ હોય તે અહોભાગ્ય ! જે બાળક તેને પેટે અવતર્યું હોય તે ખરેખર સુખી.

તે ગૃહરાણી સમી ગૃહમાં વિચરે છે અને તેથી ગૃહમાં શાંતિ રહે છે. તેની આજ્ઞાઓ વિવેકયુક્ત હોવાથી તેનું પરિપાલન થાય છે.

તે સવારે વહેલી શય્યા ત્યાગ કરે છે; તે કામનો વિચાર કરે છે અને દરેકને યોગ્ય કામ સુપ્રત કરે છે.

કુટુમ્બની સંભાળ અને માવજત તેજ તેનો આનંદ છે. તેનો અભ્યાસ પણ તે વિષેનોજ હોય છે. તેના ગૃહમન્દિરમાં કરકસરયુક્ત સારસતા દીસે છે.

તેની વિવેકી વ્યવસ્થા તેના પતિને માનપ્રદ હોય છે. પત્નીની પ્રસંશા પતિ મુગ્ધાનંદથી શ્રવણ કરે છે.

તે વિવેક પુરઃસર પોતાનાં બાળકોનાં મનનો વિકાસ કરે છે. પોતાની ભલમનસાઇના દૃષ્ટાંત ઉપર તેમની રીતભાતો તે ઘડે છે.

તેના મુખનું વચન તેમનાં બાલજીવનનો કાયદો છે. તેના નયનનો ઇસારો માત્ર તેમને આજ્ઞાવશ કરે છે.

તે વચનો ઉચ્ચારે છે કે તરત તેના ચાકરો કામ કરવા દોડે છે; તેની અંગુલી નિર્દેશ થતાંજ કાર્ય પરિપૂર્ણ થાય છે, કારણ તેમના હૃદયમાં પ્રેમનો કાયદો છે. તેની મમતા તેમની પગની ગતિમાં ઉત્સાહ પ્રેરે છે.

સુખમાં કે સંપત્તિમાં તે ફુલાતી નથી, દુઃખનાં સમયમાં તે ધીરજથી દુઃખના ઝખમ રૂઝાવે છે.

તેના પતિની ચિંતાઓ તેની શાણી શીખામણોથી હળવી થાય છે અને તેના કોડથી મધુરી બને છે. તે તેના વક્ષઃસ્થળ ઉપર વિરામે છે અને આરામ પ્રાપ્ત કરે છે.

જે મનુષ્યને આવી પત્ની પ્રાપ્ત હોય તેનું જીવન અહોભાગ્ય ! જે બાલકને આવી માતા તેનું જીવતર ખરેજ ધન્ય અને સુખી હોય છે !

પુસ્તક ચોથું

કૌટુમ્બીક સંબંધ

પ્રથમ પરિચ્છેદ

પતિ

તું યોગ્ય સ્ત્રીને પત્ની બનાવ અને ઇશ્વરી કાયદો પાળ; યોગ્ય સ્ત્રીનું પાણી ગ્રહણ કર અને સમાજનું વફાદાર અંગ બન.

પણ સંભાળપૂર્વક પસંદગી કરજે; એકદમ નિશ્ચય કરી નાખતો નહીં. ત્હારા ભવિષ્યના સુખનો આધાર ત્હારી અત્યારની પસંદગી ઉપર અવલંબે છે.

જો કોઇ સ્ત્રીનો ઘણોખરો સમય પોષાક અને આભુષણો સજવામાં વ્યતીત થતો હોય, જો તે પોતાનાજ સૌંદર્ય ઉપર મોહિત હોય, જો તેને પોતાનીજ પ્રસંશા ગમતી હોય, જો તેનું હાસ્ય ખડખડાટ ભર્યું હોય, જો તે ઉંચા સ્વરે વાતચીત કરતી હોય, જો પોતાના પિતાના ગૃહ બ્હાર તેના પગ ચળતા હોય, જો તેનાં નયન પુરૂષોના મુખારવિંદ ખામૂખા નિહાળતાં હોય, તો તે સ્ત્રીનું લાવણ્ય

જોકે સૂર્યના તેજ અંબારસમ હોય, તોપણ તેના મોહથી અળગો રહે, તેના રસ્તાથી દૂર રહે, અને કલ્પીત મોહકતાથી ત્હારા આત્માને અંજાવા દેતો નહી.

પણ જો કોઇ સ્ત્રીમાં હૃદયની ચેતના અને સૌમ્યનો રીતભાતની મૃદુતા સાથે રસીક સમન્વય થએલો હોય, વિકસેલ મન અને ત્હારી કલ્પના ને અનુરૂપ તનનું તેનામાં સંમિશ્રણ હોય તો તે સ્ત્રીને ખુશીથી ત્હારા ગૃહમન્દિરમાં પધરાવ, તેવી સ્ત્રી ત્હારી જીવન સહચરી ત્હારી સખી, ત્હારી હૃદયરાજ્ઞી થવાને સર્વાંશે લાયક થશે.

તેવી સ્ત્રીને ઇશ્વરી આશીર્વાદસમ ગણી ત્હેને ત્હારા હૃદયમાં સ્થાપ. ત્હારા નમ્રતાભર્યા વર્તનથી તેનું હૃદય હરી લે.

તે ત્હારી ગૃહરાજ્ઞી છે. તેથી તેને સન્માનપૂર્વક નિહાળ કે જેથી ત્હારા ચાકરો પણ તેની આજ્ઞા પાળે.

કારણ વિના તેની વૃત્તિઓનો વિરોધ ન કરીશ; તે ત્હારી ચીંતાઓના ભાગીદાર છે. તેને ત્હારા આનંદની પણ ભાગીદાર બનાવ.

તેના દોષ ધીમેથી સમજાવ, સખ્તાઇથી તેની પાસે આજ્ઞા-પાલન કરાવીશ નહીં.

ત્હારા સંકેતોને ત્હેના હૃદયમાં શમાવ, તેની સલાહ સાચી અને જીગરની હોઇ તેનાથી છેતરાવાનું ત્હારે રહેશેજ નહીં.

ફક્ત તેનેજ નિરંતર વફાદાર રહે કારણ કે તે ત્હારાં બાળકોની જનેતા છે.

જ્યારે તે પીડા અગર રોગની ભોગ થઇ પડે ત્યારે ત્હારી હેતાળ માવજતથી તે ા દર્દનું સાન્ત્વન કર. ત્હારી દયા અને પ્રેમના એકજ દૃષ્ટિપાતથી તેનો શોક ઓછો થશે, તેની પીડાનું સાન્ત્વન થશે, અને દસ વૈદ્યની ગરજ સારશે.

સ્ત્રીજાતિની સુકોમળતા, તેના શરીરની મૃદુતાનો વિચાર કર અને તેની ઉણપો-તેની નબળાઇઓ પ્રત્યે કઠોરતા ન દર્શાવ પણ પોતાની અપૂર્ણતાઓ યાદ કર.

દ્વિતીય પરિચ્છેદ

પિતા

હે પિતા, ત્હને સુપ્રત થએલ વસ્તુની અગત્યતાનો વિચાર કર. તારી પ્રજાને પોષવી તે ત્હારી ફરજ છે.

ત્હારા હૃદયનું બાળક તને આશિર્વાદ સમું કે શાપ સમું નીવડે-સમાજનું ઉપયોગી કે નિરર્થક અંગ નીવડે તેનો આધાર પણ ત્હારા ઉપરજ છે.

ત્હેને બચપણથીજ કેળવણી આપ અને તેના મનમાં સત્યના સિદ્ધાંતો ઉતાર.

તેની વૃત્તિઓનું વલણ તપાસ, તેના બચપણમાંજ ત્હેને સુધાર કે જેથી વયમાં વધતાં તેની કોઇ કુટેવ દ્રઢ થઇ જાય નહીં.

તેમ કરવાથી તેનો પર્વત ઉપરના વૃક્ષ સમો વિકાસ થશે. તે વનવૃક્ષોથી વધારે ઉંચું નીવડશે.

દુષ્ટ પુત્ર તેના પિતાને દૂષણરૂપ છે પણ સુપુત્ર તેની વૃદ્ધાવસ્થાના ભૂષણરૂપ છે.

ક્ષેત્ર ત્હારૂંજ છે, તેમાં ખેતીની ઉણપ આવવા દઇશ નહીં. તું જેવું બી વાવીશ, તેવુંજ ફળ તું પ્રાપ્ત કરીશ.

આજ્ઞાંકિતતા તું તેનામાં કેળવ, તે તને આશિર્વાદ આપશે. તેને નમ્રતા શીખવ અને તે કદી શરમાવા પામશે નહીં.

તેને ઉપકારકવૃત્તિ શિખવ; તે વડે તે લાભ પ્રાપ્ત કરશે; તેને શિપકાર શીખવાડ તેથી તે સદ્પ્રેમ મેળવશે.

તેને નિયમન અને મિતતા શીખવાડ તેથી તેનું સ્વાસ્થ્ય સારૂં રહેશે; તેને વિવેક અને ડહાપણ શીખવાડ એનાથી તેને સમૃદ્ધિ સાંપડશે.

તેની ન્યાયવૃત્તિ કેળવ એટલે તેને આખી આલમ માન આપશે. તેને હાર્દિકતા (sincerity) શીખવાડ એટલે તેનો પોતાનો આત્મા તેને કદી ડંખશે નહીં.

તું તેને ખંત શીખવાડ તેથી તેના ધનમાં તે વધારો કરશે; તેનામાં પરોપકાર ઉતાર તેથી તેનું હૃદય ઉચ્ચતાને પામશે.

તેને વિજ્ઞાનનું જ્ઞાન આપ—તેનું જીવન તેથી ઉપયોગી નીવડશે; તેને ધાર્મિકતા—ધર્મશીલતા શીખવાડ તેથી તેનો અંત સુખી નીવડશે.

તૃતીય પરિચ્છેદ

પુત્ર

ઈશ્વરે સર્જેલાં પ્રાણીઓ મનુષ્યના બોધદાતા હોય છે. તેમનો બોધ હે માનવી! તું ત્હારા હૃદયમાં ઉતાર.

હે પુત્ર ! તું રણમાં જા. રણના બગલા (stork) ને તું નિહાળ. તેનો અવાજ ત્હારા હૃદય ઉપર પડવા દે. તે પોતાના વૃદ્ધ પિતાને પોતાની પાંખ ઉપર ઉપાડી જાય છે, તે તેને સહીસલામત જગ્યાએ રાખે છે અને પોષણ પૂરૂં પાડે છે.

બાળક (સંતતી)ની ધાર્મિકના ધરાનની સૂર્ય સમર્પીત સુગંધીઓથી પુણ અતિ મધુર છે. અરેબીઆના સુગંધી ક્ષેત્રોમાંથી પવન-વહીત સુરભથી પણ એ અધિક મિષ્ટ છે.

હે બાળક ! તું ત્હારા પિતાને વફાદાર રહે-તે ત્હારો ઉત્પાદક છે. અને તારી માતાને પણ વફાદાર થા, તે ત્હારૂં પોષણ કરનાર-ઉછેરનાર છે.

તેનાં વચનો શ્રવણ કર. તે ત્હારા ભલાને માટે ઉચ્ચારાય છે. તેની શીખામણો ઉપર ધ્યાન આપ-તે તેના પ્રેમની પ્રસાદી છે.

તેણે ત્હારા સુખને માટે ઉજાગરા વેઠયા છે, ત્હારા સુખને માટે મહેનત ઉઠાવી છે. તેથી તેની વૃદ્ધાવસ્થામાં તેને માન આપ. તેના શ્વેત કેશને તું અપમાનીશ નહી.

ત્હારૂં અસહાય બચપણ તું ભૂલી જઇશ નહીં. ત્હારી યુવાવસ્થાના સ્વચ્છંદ (Forwardness) તું વીસરીશ નહીં. ત્હારા વૃદ્ધ માતપિતાની નિર્બળતાઓ પ્રત્યે તું મમતા દાખવ. તેમના અંત સમયમાં તેમને સ્હાય કર અને તેમનું પોષણ કર.

તેમ કરવાથી જીવતાં તેમને શાંતિ મળશે. ત્હારા પોતાના બાળકો પણ ત્હારાં દૃષ્ટાંત લઈ ત્હારી ધાર્મિકતાનો યોગ્ય પુત્રભાવથી બદલો વાળશે.

ચતુર્થ પરિચ્છેદ

ભાઈઓ (બંધુઓ)

હે ભાઇઓ ! તમે એકજ પિતાના-એકજ પિતાને હાથે પોષાએલાં બાળકો છો. એકજ માતાએ તમને દૂધપાન કરાવ્યું છે.

તેથી હે ભાઇ ! ત્હારા બંધુની સાથે પ્રેમ બંધનથી બંધા. તેમ કરવાથી ત્હારા પિતાના ગૃહમાં સુખ અને શાંતિ નિરંતર રહેશે.

અને જ્યારે દુન્યવી વ્યવહાર તમારો વિયોગ પાડે, ત્યારે

ત્હમારો પ્રેમ અને સંપનો ધર્મ યાદ રાખજો. ત્હારા પોતાના બંધુ કરતાં અન્યને અધિક ગણીશ નહી.

ત્હારો બંધુ દુઃખમાં હોય તો તેને સ્હાય કર; ત્હારી ભગિની ભીડમાં હોય તો તું તેને વિસરીશ નહી.

તેમ કરવાથી ત્હારા પિતાની સમૃદ્ધિ તેના આખા વંશવેલાને પોષ્યા કરશે અને તેની સમભાવની ભાવના તમારા પરસ્પર પ્રેમનારૂપે તમારામાં વંશ પરંપરા પામશે.

પુસ્તક પાંચમું

મનુષ્યોના આકસ્મિક ભેદ

પ્રથમ પરિચ્છેદ

સુજ્ઞ અને મૂર્ખ (અજ્ઞાન)

બુદ્ધિની બક્ષીસ એ ઇશ્વરનો આપેલો ખજાનો છે. તે પોતાને યોગ્ય લાગે તેટલું દરેકને પ્રમાણ આપે છે.

તેણે ત્હને સુજ્ઞતા (ડહાપણ) નિવાજ્યું છે? તેણે ત્હારી બુદ્ધિને સત્યના જ્ઞાનથી પ્રકાશીત કરી છે? તો તે જ્ઞાન મૂર્ખ લોકોને દર્શાવ કે જેથી તેમને સમજણ પ્રાપ્ત થાય; તે જ્ઞાન સુજ્ઞને પણ દર્શાવ કે જેથી ત્હારૂં જ્ઞાન અધિક ઓપે.

સાચી સુજ્ઞતા મૂર્ખાઇ જેટલી મગરૂબ હોતી નથી. સુજ્ઞ માણુસને ઘણીવાર શંકા આવે છે અને પોતાનો વિચાર બદલાવે છે; મૂર્ખ માણુસ આગ્રહી (હઠીલો) હોય છે અને શંકા લાવતે જ નથી. તે પોતાની અજ્ઞાનતા સિવાય સર્વ વસ્તુઓનું જ્ઞાન ધરાવે છે.

અજ્ઞાનતાની મગરૂરી તિરસ્કારને પાત્ર છે. મિથ્યા બકબકાટ તે મૂર્ખની મૂખાઇ છે. તેમ છતાં સુજ્ઞ મનુષ્યોએ મૂર્ખની ઉદ્ધતાઇ

ધીરજથી સહન કરવી ઘટે છે અને તેમની અજ્ઞાનતા માટે દયા દર્શાવવી ઘટે છે.

તેમ છતાં ત્હારી બુદ્ધિમત્તા માટે તું ફૂલાઈ જતો નહીં; તેમ ત્હારી શ્રેષ્ટ સમજણશક્તિ માટે મગરૂર થતો ના. સ્પષ્ટમાં સ્પષ્ટ મનુષ્યજ્ઞાન અજ્ઞાન કે મૂર્ખાઈથી ભાગ્યેજ અધિક હોય છે.

સુજ્ઞ માણસ પોતાની અપૂર્ણતા સમજે છે અને નમ્રતા દાખવે છે; તે તેના પોતાના અંતરાત્માની સંમતિ માટે વ્યર્થ પ્રયત્ન કર્યા કરે છે. પરંતુ મૂર્ખ માણસ તો પોતાની ક્ષુદ્ર બુદ્ધિના છાછરા પાણીમાં ડુબકીઓ મારે છે અને તેના મ્હોં સાથે અફળાતા કાંકરાઓથી સંતોષ માને છે. તે કાંકરા તે ઉપર લાવે છે અને કહે છે કે એ મોતી છે અને પોતાના મૂર્ખ સાથીઓની પ્રસંશા વચ્ચે તે પોતાના મનના આનન્દમાં મહાલ્યા કરે છે.

તે પામર વસ્તુઓની પ્રાપ્તિ માટે મગરૂર રહે છે; પણ જે વસ્તુઓમાં અજ્ઞાન ગણાવું એ શરમભરેલું હોય છે તેવી વસ્તુઓ તેની સમજણ બહાર હોય છે.

સુજ્ઞતાના પંથે પળવામાં પણ તે મૂર્ખતાની પાછળ મહેનત કરે છે. તેની મહેનતનું ફળ નામોશી અને નિરાશા રૂપેજ આવે છે.

પણ સુજ્ઞ મનુષ્ય પોતાની બુદ્ધિનો જ્ઞાનથી વિકાસ કરે છે; કળાઓને સુધારવી તે તેનો મુખ્ય આનંદ હોય છે. અને જનસમાજને તે કળાઓ ઉપયોગિ હોવાથી તે સન્માન પામે છે.

તેમ છતાં સુજ્ઞ માણસ સદ્ગુણ સંપન્નતાનેજ શ્રેષ્ઠ જ્ઞાન ગણે છે. સુખી થવાનું શાસ્ત્ર તેના જીવનનો અભ્યાસ છે.

દ્વિતીય પરિચ્છેદ

શ્રીમંત અને ગરીબ

જે મનુષ્યને ઈશ્વરે ધન આપ્યું છે અને તેનો ખરો ઉપયોગ કરવાની વિવેક શક્તિ અર્પી છે તે માણસને ખરેખર ધન્ય છે અને અહોભાગ્ય છે.

તે પોતાની દોલત આનંદથી નિહાળે છે કારણ કે તે તેનું ભલું કરવાનું સાધન પૂરૂં પાડે છે.

તે પીડીત દરિદ્ર માણસોનું રક્ષણ કરે છે. સત્તાવાન માણસોને તે નિર્બળ માણસો ઉપર ત્રાસ વર્તાવતાં અટકાવે છે.

તે દયાપાત્ર પદાર્થો શોધી કાઢે છે. તે તેઓની જરૂરીઆતો વિષે તપાસ કરે છે. તે તેમનું દુઃખ વિવેક પુરઃસર અને ડોળ વિના (નમ્રભાવે) ઓછું કરે છે.

તે સુપાત્રનો સહાય કરે છે અને નવાજે છે; તે બુદ્ધિશાળીને ઉત્તેજન આપે છે અને પ્રત્યેક ઉપયોગી યોજનાને ઉદાર હાથે આગળ ધપાવે છે.

તે મહાન્ કાર્યો હાથ ધરે છે; તેનો દેશ સમૃદ્ધિવાન બને છે અને મજુરને રોજી પ્રાપ્ત થાય છે; તે નવી નવી યોજનાઓ તૈયાર કરે છે અને કળાઓને સુધારવાનો અવકાશ તેને મળે છે.

પોતાના આહાર વિહારની અતિશયતાઓ (superfluities) ને તે પોતાના પડોશી ગરીબોના નિર્વાહરૂપ ગણે છે અને તેમના નિર્વાહનું તે સાધન તે તેમની પાસેથી છીનવી લેતો નથી.

તેના હૃદયની પરોપકારવૃત્તિ તેની સ્થિતિથી અટકાયત પામતી નથી; તેથી તે ધનમાં આનંદ માને છે. તેનો આનંદ નિર્દોષ હોય છે.

પણ જે માણસ ઢગલાબંધ દોલત એકઠી કરે છે અને કેવળ

ધન સંચયમાંજ મશગુલ રહે છે, જે ગરીબ લોકોને દુઃખ દેછે અને તેમના પરસ્વેદની પરવા રાખતો નથી તેને ફિટકાર હજો.

તે નિર્દયપણે પરદુઃખ પર મ્હાલે છે. પોતાનાજ જાત ભાઇનો વિનાશ તેને ચિંતાગ્રસ્ત કરતો નથી.

નિરાધાર બાળકોનાં અશ્રુ તે દૂધ પેરે પીએ છે; વિધવાઓની આંખનાં આંસુ તેને મન સંગીત સમાન છે.

ધનપ્રેમથી તેનું હૃદય નિષ્ઠુર બની ગયું હોય છે; કોઇનાં શોક અગર સંકટથી તેનું હૃદય દ્રવી શકતું નથી.

પરંતુ અન્યાયનું ભૂત તેની પૂંઠે ભમતું હોય છે; તે નિરંતર ભયમાં જીવન ગુજારે છે. તેના મનની ચીંતા અને તેના હૃદયની વિનાશકારક વૃત્તિઓ અન્ય ઉપર આણેલ આફતો માટે તેના ઉપર વેર લ્યે છે.

અરે! આવા માણસના હૃદયના સંતાપની સરખામણીમાં દરિદ્રનું દુઃખ શું હિસાબમાં છે?

દરિદ્ર માણસને આશ્વાસન લેવા દો, અરે આનન્દ પામવા દો. તેવા આનન્દ પામવાને તેને ઘણાં કારણો છે.

તે શાંતિથી તેનું ભોજન કરે છે. તેનું ભોજનગૃહ ખાઉધરા ખુશામતીઆઓથી ભરપૂર હોતું નથી.

નોકર ચાકરો કે આશ્રીતોના સમૂહથી તેને ત્રાસવાનું હોતું નથી. તેમજ આજીજીઓ સાંભળી સાંભળીને તેને કંટાળવાનું હોતું નથી.

સમૃદ્ધિવાનના આસ્વાદો અને શોખથી દૂર હોવાના કારણે તે તેમના રોગ પીડાઓથી પણ પર હોય છે.

તેનો રોટલો શું મીઠો નથી હોતો? તે જે પાણી પીએ છે તે શું મધુરૂં નથી હોતું? વિલાસીના વિલાસયુક્ત વૈભવી પીણાં કરતાં તે ખરેખર વધારે સ્વાદીષ્ટ હોય છે.

તેની મહેનત તેના સ્વાસ્થ્યને જાળવે છે અને તેને એવી મીઠી નિદ્રા આવે છે કે જે વિલાસીની સુકોમળ શય્યા ભાગ્યેજ પ્રાપ્ત કરાવે છે.

તે નમ્રતાથી પોતાની ઇચ્છાઓ અલ્પ રાખે છે. વૈભવ અને વિલાસના સાધનો કરતાં તેનાં સંતોષ અને શાંતિ તેના આત્માને અધિક સુખપ્રદ હોય છે.

તેથી વૈભવીએ પોતાના વૈભવ માટે ગુમાન ધરાવવું જોઇએ નહીં, તેમ ગરીબ માણસે પોતાની ગરીબાઈથી નિરાશ થવું નહીં; કારણ કે ઇશ્વર ઉભયને યોગ્ય સુખ વ્હેંચી આપે છે.

તૃતિય પરિચ્છેદ

શેઠ અને નોકર

હે મનુષ્ય! ત્હારી ચાકરી કે ગુલામીની સ્થિતિ માટે શોચ મા કર. તે ઇશ્વરી નિર્માણ છે અને તેના ઘણા લાભ છે. તે તને જીવનની ચીંતાઓ અને વ્યાધિઓથી વિરક્ત રાખે છે.

ચાકરની શોભા તેની વફાદારીમાં છે; તેના શ્રેષ્ટ સદ્દગુણ અધિનતા અને આજ્ઞાંકિતતા છે.

તેથી ત્હારા શેઠનો ઠપકો સાંભળવો પડે તેવા પ્રસંગે ધીરજ દાખવ; જ્યારે તે તને વઢે ત્યારે સામો ઉત્તર વાળતો ના. ત્હારૂં મૌન અને સ્વાર્પણ કદી વ્યર્થ જશે નહીં.

તેના હિતને માટે હમ્મેશાં સાવધાન રહે. તેનું કાર્ય ખંતથી બજાવ; અને ત્હારામાં તેણે રાખેલા વિશ્વાસને પાત્ર થા.

ત્હારો સમય અને મહેનતનો ધણી તે છે; તેનો ગેરવ્યય તું કરીશ નહીં કારણ તેને માટે તે તને પોષે છે.

અને ઓ માનવી જો તું શેઠ હોય અને ત્હારા ચાકરની વફાદારીને ચાહતો હોય તો તેના પ્રત્યે ન્યાયી વર્તન રાખ. અને જો તું સત્વર આજ્ઞા પાલન ઇચ્છતો હોય તો ત્હારી આજ્ઞામાં વિવેકબુદ્ધિ દાખવ.

તેનામાંયે માણુસાઇ છે; સખ્તાઇ અને સપાટો કદાચ તેનામાં ભય ઉપજાવે પણ તેનો પ્રેમ સંપાદન કરી શકશે નહીં.

વઢવામાં વ્હાલ દાખવ અને સત્તામાં શાણપણ સંભાળ. તેમ કરવાથી ત્હારી શીખામણ તેના હૃદયમાં વસશે અને ધર્મપાલન તેને આનંદમય થશે.

તે ત્હારી વફાદારી અને ઉપકારક ભાવનાથી સેવા કરશે; તે પ્રેમથી અને આનંદથી ત્હારી ઇચ્છાઓનું પાલન કરશે; તેના બદલામાં તેના ખંત અને વફાદારીનો યોગ્ય બદલો આપવાનું ચુકતો ના.

ચતુર્થ પરિચ્છેદ

રાજા અને રૈયત

હે ઇશ્વરના સુનંદા કૃપાપાત્ર રાજવી ! જે મનુષ્યોએ, ત્હારાજ સમોવડીઆઓએ ઉંચા સત્તાએ તને સ્વેચ્છાથી સ્થાપિત કર્યો છે અને પોતા ઉપર અમલ કરવાને બેસાડ્યો છે તેમણે ત્હારામાં મૂકેલા વિશ્વાસની અગત્યતા અને ઉદ્દેશનો ત્હારા પોતાના મોભા અને પદ્વિ કરતાં અધિક વિચાર કર.

તું સુંદર વસ્ત્રોથી શોભતો ત્હારા સ્થાને વિરાજે છે; ત્હારા શિરે ત્હારી પદ્વિનો મુકુટ છે; ત્હારા હસ્તમાં રાજદંડ છે; પણ આ ચિન્હો ત્હારા પોતાને માટે તને એનાયત કરવામાં નથી આવ્યાં; ત્હારા પોતાનાજ લાભ માટે નહી પરંતુ ત્હારી રૈયતના ભલાને માટે તે તને અર્પણ કરવામાં આવ્યાં છે.

રાજાની શોભા તેની રૈયતના સુખમાં છે. તેની સત્તા અને અમલ પ્રજાના પ્રેમ (હૃદય) ઉપર અવલંબે છે.

મહાન રાજવીનું હૃદય પોતાની પદિના ગૌરવથી ઉચ્ચ બનેલું હોય છે. તે ઉચ્ચ વસ્તુઓનો ખ્યાલ કરે છે અને પોતાની સત્તાને યોગ્ય કાર્ય શોધી કાઢે છે.

તે પોતાના રાજ્યના સુજ્ઞ પુરૂષોને એકત્ર કરે છે, તે તેમની સાથે છૂટથી મસલત ચલાવે છે અને દરેકનો અભિપ્રાય શાંતિથી સાંભળે છે.

તે દક્ષતાથી પોતાની પ્રજાને નિહાળે છે; તે બુદ્ધિશાળી પ્રજાજનોને શોધી કાઢે છે અને તેમની યોગ્યતા અનુસાર પોતાના દરબારમાં હોદ્દા આપે છે.

તેના કાર્યભારીઓ શાણા; તેના પ્રધાનો સુજ્ઞ હોય છે; તેના હૃદયનો માનીતો પુરૂષ તેનું કશું હરામ કદી કરતો નથી.

તે કળાઓને પોષે છે અને ખીલવે છે. તેની કુશળતાના પ્રભાવે વિજ્ઞાન વિકસે છે.

બુદ્ધિશાળી અને સુજ્ઞ પુરૂષોના સહવાસમાં તે આનન્દ માને છે; ને તેમના મનમાં ઉચ્ચતાની ઇચ્છા પ્રદીપ્ત કરે છે. તેના રાજ્યનું ગૌરવ તેમના કામથી અધિક ઓપે છે.

વ્યાપારની વૃદ્ધિ કરનાર વણિકના સાહસ પ્રત્યે, તેના રાજ્યને સમૃદ્ધિવાન બનાવનાર કૃષિકારના કૌશલ્ય પ્રત્યે, કળાવાનની કારીગીરી પ્રત્યે, વિદ્વાનના વિકાસકાર્ય પ્રત્યે તે માન ધરાવે છે અને ઉદારતાથી પ્રત્યેકને તે પરિપોષે છે.

તે સંસ્થાનો સ્થાપે છે, નૌકાઓ બંધાવે છે, તે નદી ન્હેરોની સગવડતાઓ પૂરી પાડે છે, સુરક્ષીત બંદરો તે બનાવડાવે છે. તેની પ્રજા સમૃદ્ધિવાન બને છે. તેના રાજ્યનું બળ તે વધારે છે.

તે ન્યાય અને ડહાપણ ઉપર કાયદાઓ રચે છે. તેની રૈયત સહીસલામત રીતે પોતાની મહેનતનું પારિતોષિક ભોગવે છે. તેમના સુખનો સ્તંભ કાયદાનું પરિપાલન હોય છે.

તે દયાના સિદ્ધાંતો ઉપર ઇન્સાફ આપે છે. પણ ગુન્હેગારો પ્રત્યે તે સખ્ત અને સમાનવર્તી હોય છે.

રૈયતની દાદ સાંભળવાને તેના કર્ણ નિરંતર ઉઘાડા હોય છે. તેમના ઉપર સીતમ ગુજારનારાને તે અંકુશમાં આણે છે અને તેમના સીતમથી તેમને ઉગારી લ્યે છે.

તેની પ્રજા તેને પિતા સમાન ગણે છે અને પ્રેમ પૂર્વક તેને પૂજે છે. તેના સુખના સંરક્ષક તરિકે તેને તેવો લેખે છે.

પ્રજાનો પ્રેમ તેનામાં પ્રજાવાત્સલ્ય પ્રેરે છે. તેમના સુખ સંપત્તિને માટે તે અહર્નિશ કાળજી ધરાવે છે.

તેમના હૃદયમાં તેના પ્રત્યે કકળાટ ઉત્પન્ન થતો નથી. તેના શત્રુઓનાં કાવત્રાંથી તેનું રાજ્ય જોખમાતું નથી.

તેની પ્રજા તેના પ્રત્યે હમ્મેશાં વફાદારી અને દ્રઢતા દાખવે છે. લોઢાની દીવાલની પેઠે તેઓ તેને સંરક્ષે છે. પવન ફોતરાંને ઉડાડી મૂકે તેમ જુલ્મગારના સૈન્યને તેનું પ્રજાનું દળ પલાયન કરાવડાવે છે.

રૈયતનાં ગૃહે શાંતિ અને સંરક્ષણ વિરાજે છે. તેના રાજ્યાસનની આસપાસ કીર્તિ અને શક્તિનો નિરંતર વસવાટ હોય છે.

પુસ્તક છઠ્ઠું

સામાજીક ફરજો

પરિચ્છેદ પહેલો

પરોપકાર

સમાજના સંતાનરૂપ હે માનવી! જ્યારે જ્યારે તું તારી પોતાની જરૂરીયાતોનો વિચાર કરે, જ્યારે જ્યારે ત્હારી પોતાની અપૂર્ણતાઓ તારી નજર સન્મુખ તરવરે ત્યારે ત્યારે પરમકૃપાળુ પરમાત્માની દયા અને ભલમનસાઇનો પણ તું વિચાર કરજે. તેણે તને બુદ્ધિ બક્ષી છે, વાચા આપી છે અને પરસ્પર મદદ કરવાને પરસ્પર ઉપકારવૃત્તિ દાખવવાને સમાજ વચ્ચે તને તેણે મૂકેલ છે.

ત્હારાં અન્નવસ્ત્રો, ત્હારા ગૃહની સગવડતાઓ, ત્હારા સંરક્ષિતપણાને માટે અને ત્હારા જીવનના સુખસંપત્તિ અને મોજમઝાઓ માટે તું અન્યની સ્હાયનો ઉપકારી છે. સમાજના સહવાસ વિના તે સર્વે તને સાંપડે નહીં.

જેમ સમાજ તારા પ્રત્યે મિત્રભાવે વર્તે છે તે રીતે સમાજ પ્રત્યે પણ મિત્રભાવ દર્શાવવો તે તારી ફરજ છે.

જેમ ગુલાબમાંથી સ્વાભાવિક રીતે પરાગ પમરે છે તેમ પરોપકારીના હૃદયમાંથી સુવાસજ સ્ફુરે છે.

જેમ તે પોતાના હૃદયની શાંતિ અને સુખ માણે છે તેમ પડો-શીના સુખ અને સંપત્તિથી પણ તે આનન્દ અનુભવે છે.

તે નિંદા અને કુથલીને તેના કર્ણપટ પર પડવા દેતો નથી અને અન્યની અપૂર્ણતાઓ તથા દોષો શ્રવણ કરવાથી તેના હૃદયને આઘાત પહોંચે છે.

તેની મહત્વાકાંક્ષા ભલું કરવા માટેની હોય છે અને પરોપકાર-ના પ્રસંગો તે શોધ્યાજ કરે છે. બીજા ઉપરના સીતમો દૂર કરવાથી તેનું પોતાનું હૃદય પણ હળવું થાય છે.

આંતરના ઔદાર્યથી તે સર્વના સુખની ઇચ્છા રાખે છે અને પ્રફુલ્લીત હૃદયે તે સાર્વજનિક સુખ સાધવાના પ્રયત્નો કર્યા કરે છે.

પરિચ્છેદ બીજો

ઇન્સાફ

સમાજની શાંતિ ઇન્સાફ ઉપર અવલંબે છે. વ્યક્તિના સુખનો આધાર તેમની સંપત્તિના સુરક્ષીત અને સહીસલામત ભોગવટા ઉપર હોય છે.

ત્હારા અંતરની ઇચ્છાઓને યોગ્યતાની હદ ઓળંગવા દઇશ નહીં. ઇન્સાફ તેને સત્ય રસ્તે વહેવડાવશે.

ત્હારા પડોશીની સંપત્તિ તરફ વિકારી દૃષ્ટિપાત ન કરીશ. તેની મીલ્કતને ત્હારા સ્પર્શથી અપવિત્ર ન કરીશ.

કોઇ લાલચને વશ થઇ કે ક્રોધથી ઉશ્કેરાઇ તેના જીવનને જોખમાવીશ નહીં.

તેના ચારિત્ર્યને વગોવતો ના. તેના વિરુદ્ધ ખોટી સાક્ષી આપતો ના.

તેના નોકર ચાકરને ફોડીશ નહી. તેની ધર્મ પત્નીને પાપમાર્ગે દોરીશ નહીં.

તેના હૃદયના પરિતાપને તું ઓછો કરી શકીશ નહીં. તેના જીવનને પહોંચેલ કારમી આઘાતને તું રૂઝાવી શકીશ નહી.

માનવ બંધુઓ પ્રત્યેના વ્યવહારમાં ન્યાય અને સમાનતા જાળવજે. અન્યનું ત્હારા પ્રત્યેનું જેવું વર્તન વાંછે તેવું વર્તન અન્ય પ્રત્યે તું દાખવજે.

ત્હારા ઉપર વિશ્વાસ રાખનારનો વિશ્વાસભંગ ન કરીશ. ઇશ્વરની નજરે વિશ્વાસભંગ એ ચોરી કરતાંયે વધારે મ્હોટું પાપ છે.

ગરીબ ઉપર સીતમ ન ગુજારતો. મજુરની રોજી ઉપર અત્યાચાર કરતો ના.

જ્યારે નફો મેળવવા વેપાર કરે ત્યારે તારા અંતરાત્માને પ્રથમ પૂછજે અને સામાન્ય લાભથીજ સંતોષ માનજે. ગ્રાહકની અજ્ઞાનતાનો અઘટિત લાભ ઉઠાવીશ નહીં.

ત્હારા ઉપરનું દેવું અણુપતવ્યું ન રાખીશ. જે તને ધીરધાર કરે છે, તારી શાખ અને આબરૂ ઉપરજ આધાર રાખે છે તેનું લેણું તેને ન આપવું તે અન્યાયનું કામ છે એટલુંજ નહિ પણ નીચતા ભરેલું પણ છે.

અંતમાં, હે સમાજના સંતાન! ત્હારૂં હૃદય તપાસ; તારી યાદદાસ્તીને સતેજ કર અને જો કે તેં આમાંનું કોઇ અપકૃત્ય કર્યું હોય તો શરમ પાળ અને શોચ કર અને ત્હારી બનતી ત્વરાથી ત્હારાથી બનતો બદલો વાળ.

પરિચ્છેદ ત્રીજો

દાનવૃત્તિ

જેણે પોતાના અંતરમાં પરોપકારનાં બીજ વાવ્યાં છે તે ખરે-ખર ભાગ્યશાળી છે. તેનો પરિપાક તે પ્રેમ અને દાનવૃત્તિ છે.

તેના હૃદયમાંથી ભલાઇ અને દયાનાં ઝરણાં વહેશે અને માનવ જાતિના ભલાં અર્થે તેનાં વ્હેણ સર્વ દિશામાં વ્યાપશે.

દુઃખીઆરાનાં દર્દમાં તે તેમને સ્હાય કરશે. સકળ સમાજની સુખવૃદ્ધિમાં તે આનંદ પામશે.

તે તેના પડોશીની નિંદા કરતો નથી. ઈર્ષા અને અનુપકારની વાતો તે સાંભળતો નથી. તેમની બદફેલીને તે પ્રસરાવતો નથી.

અન્યે કરેલા અનુપકારને તે ભૂલી જાય છે. સ્મૃતિપટ ઉપરથી તે તેને ભૂસી નાખે છે. તેના હૃદયમાં વેર અને અનિષ્ટતાને સ્થાન નથી હોતુ.

અનિષ્ટતાનો બદલો તે અનિષ્ટતાથી વાળતો નથી. તે તેના શત્રુઓને પણ ધિઃક્કારતો નથી પણ તેમના અન્યાયને મિત્રભાવે સમજાવે છે.

મનુષ્યની ચીંતાઓ અને શોક તેને દયા ઉપજાવે છે. તેમનાં દુઃખ હળવાં કરવા તે મથે છે અને તેની મહેનતનો બદલો સત્યતારૂપ આનંદથી વળે છે.

ક્રોધી મનુષ્યોના ક્રોધને તે શાંત પાડે છે. તેમના ઝઘડાઓની તે સમાધાની કરે છે અને વૈર અને કલહનાં અનિષ્ટ પરિણામો અટકાવે છે.

તે તેના પડોશમાં શાંતિ અને સૌજન્ય પ્રવર્તાવે છે અને તેનું પ્રાતઃ સ્મરણીય નામ સૌ કોઇ સન્માનપૂર્વક ઉચ્ચારે છે.

પરિચ્છેદ ચોથો

આભાર

જેમ વૃક્ષની શાખાઓ મૂળમાંથી મળેલ પોષણને મૂળ તરફ પ્રતિવાહિત કરે છે, જેમ સાગરજનિત સરિતા સાગરમાં સમાય છે તેમ ઉપકૃત મનુષ્યનું હૃદય મળેલા લાભનો બદલો વાળવામાં વિલસે છે. તે આનંદપૂર્વક ઉપકારને માન્ય રાખે છે. તે આભાર કરનારને માન અને પ્રેમપૂર્વક નિહાળે છે.

જાણે કે બદલો વાળવાનું તેની શક્તિ બહાર હોય તે પ્રમાણે તે ઉપકાર કાર્યને તેના હૃદયમાં મમતાપૂર્વક લાંબા સમય સુધી સાચવી રાખે છે. તે તેવા કાર્યને જીવન પર્યંત વિસરતો નથી.

ઉદાર મનુષ્યનો હસ્ત આકાશમાંના વાદળાં સમાન છે કે જે અવનિતળ ઉપર ફળ ફુલ ઘાસ વગેરેને ઉત્પન્ન કરે છે અને પોષે છે. ઉપકારવૃત્તિથી વિમુખ મનુષ્યનું હૃદય રણની રેતી સમાન છે કે જે વર્ષાદનાં ઝાપટાંઓને સમાવી દે છે અને કાંઇ પણ ઉત્પન્ન કરતી નથી.

તારા ઉપર ઉપકાર કરનારની કદી ઇર્ષ્યા કરતો નહીં; તેમજ તેણે કરેલ લાભ સંતાડવાનો પ્રયત્ન કરીશ નહીં. કેમકે ઉપકૃત થવું તેના કરતાં ઉપકાર કરવો તે વધારે સારૂં છે અને ઔદાર્ય પ્રશંસા પામે છે તોપણ આભાર દર્શનની નમ્રતા હૃદયને સ્પર્શે છે અને ઈશ્વર તેમજ મનુષ્યની દૃષ્ટિએ વ્હાલા લાયક છે.

પણ મગરૂબ માણસના હાથે કોઇ પણ ઉપકારનો સ્વીકાર ન કરીશ. સ્વાર્થી અને લોભી પ્રત્યે કાંઇ ઉપકારવૃત્ત ન દાખવીશ. મગરૂબ મનુષ્યનું મિથ્યાભિમાન તને શરમીંદો પાડી નાખશે અને લોભીનો લોભ કદી સંતોષાશે નહીં.

પરિચ્છેદ પાંચમો

હાર્દિકતા

સત્યની ખૂબીઓ ઉપર આફ્રીન થનાર ! જો ત્હારા હૃદયને તેની સાથે મોહ લાગેલો હોય તો તેને દૃઢ રીતે વળગી રહે અને તેનો પરિત્યાગ કદી કરીશ નહીં. ત્હારા સદ્ગુણોની નિશ્ચળતા તને કીર્તિ કિરિટ પહેરાવશે.

અસત્યને જોતાંજ તે શરમીંદો પડે છે અને ગભરાટ પામે છે. પણ સત્યવાદનમાં તે તેની ચક્ષુ સુદ્રઢ રાખી શકે છે.

તે તેના ચારિત્ર્યને માણુસાઇપૂર્વક નિભાવે છે. ડોળના પ્રપંચો સુધીની અધમતાએ પહોંચવાનું તે તિરસ્કારે છે.

તે પોતાના મન સાથે હમ્મેશાં એકરાગ હોય છે. તે કદી મુંઝાતો નથી. તે સત્યને માટે પૂરતી હીંમત દાખવી શકે છે; પણ અસત્ય વદતાં તે ડરે છે.

દંભની નીચતાથી તે અતિ પર હોય છે; તેના હૃદયના વિચારોજ તેના મ્હોમાંથી શબ્દરૂપે સરે છે.

છતાં તે ડહાપણ અને સાવચેતીથી વચન ઉચ્ચારે છે. વ્યાજબી અને ખરૂં શું છે તે તે જાણવા મથે છે અને વિવેકપૂર્વક તે વદે છે.

મિત્રભાવે તે શીખામણ આપે છે. છૂટથી તે ઠપકો આપી શકે છે. અને જે કાંઇ કરવાનું તે વચન આપે છે તે તે નક્કી કરેછે જ.

પણ દંભીનું હૃદય વક્ષઃસ્થળમાં સંતાઇ રહે છે. સત્યના આભાસયુક્ત વચનો તે ઉચ્ચારે છે પરંતુ તેના જીવનનો ઉદ્દેશ આંખો આંજવાનો હોય છે.

તે શોક સમયે હસે છે; આનંદના પ્રસંગે રડે છે અને તેના મુખમાંથી સરતા શબ્દોનો કાંઇ અર્થ બેસી શકતો નથી.

છછુંદરની માફક તે અંધારામાં કામ કરે છે અને સમજે છે કે તે સહીસલામત છે. પણ તેજમાં તે ઠોકરો ખાય છે, ખુલ્લો પડે છે અને તેના શિર ઉપરનો બધો મેલ નજરે પડે છે.

તેના દિવસો નિરંતર વિસંવાદમાં વીતે છે. તેની જીભ અને તેના હૃદય વચ્ચે નિરંતરનો વિગ્રહ રહ્યા કરે છે.

તે ચારિત્ર્યવાનના ચારિત્ર્યનો ડોળ કરવા મથે છે પરંતુ છેતરપંડીના વિચારોને તે આનંદપૂર્વક આલીંગન આપે છે.

રે રે મૂર્ખ ! જેટલી મહેનત તું તારી વાસ્તવિકતાને ઢાંકવા માટે કરે છે તે તું જે થવા ઇચ્છતો હોય તે પાછળ ઉઠાવે તેના કરતાં ઘણી અધિક છે. સુજ્ઞ લોકો તારી કપટજાળ ખુલ્લી પડતાં અટ્ટહાસ્ય કરશે અને તું તેમનો તિરસ્કાર પામીશ.

પુસ્તક સાતમું

ધર્મશીલતા

ઈશ્વર એકજ છે. તે વિશ્વનો સરજનહાર અને શાસનકાર છે. તે અમર, સર્વ શક્તિમાન અને બુદ્ધિ અગમ્ય છે.

સૂર્ય તેની ઉમદા પ્રતિકૃતિ છે છતાં તે ઇશ્વર નથી. તે પોતાના તેજ અંબારથી વિશ્વને અજવાળે છે. તેનો તાપ પૃથ્વિની નીપજોમાં જીવન પ્રેરે છે. તેને ઇશ્વરની કૃતિ યાતો સાધન સમજી વખાણ પણ તેને પૂજીશ નહીં.

સર્વ શક્તિમાન, ડહાપણ અને ભલમનસાઇના ભંડારરૂપ ઇશ્વર એકજ અને અદ્વિતીય છે. પૂજનવંદન, આભાર અને સ્તુતિ તો તેને માટેજ હોઈ શકે.

તેણે આકાશને વિસ્તાર આપ્યો છે. તેણેજ અંગુલી નિર્દેશ કરી તારલાઓનો માર્ગ નક્કી કરી આપ્યો છે.

મહાસાગરની મર્યાદા તેણે બાંધી છે. તે મર્યાદાને કદી મૂકતો નથી. તેજ સુસવતા વાયરાઓને શાંત થવાનું કહી શકે.

ધરતીકંપ ઉપજાવી રાષ્ટ્રોને તેજ ધ્રુજાવે છે. વિજળીના ચમકારથી દુષ્ટના હાજાં તે ગગડાવી શકે છે.

વચન વદતાંની સાથે અનેક વિશ્વોને તે ઉત્પન્ન કરી શકે છે અને એકજ સપાટાથી તે તેનો વિનાશ પણ કરી શકે છે.

સર્વ શક્તિમાનના ગૌરવને તું પૂજ. તેનો વિનાશકારી ક્રોધ તું વ્હોરીશ નહીં.

ઇશ્વરનું ડહાપણ તેના દરેક કાર્યમાં સ્પષ્ટ રીતે અંકીત છે. અમોઘ ડહાપણથી તે રાજ્ય કરે છે અને વ્યવસ્થા સાચવે છે.

વિશ્વ સંચાલનના નિયમો તેણે ઘડયા છે. દરેક જીવમાં તે નિયમોની વિવિધતા દીસે છે અને દરેક સ્વાભાવિક રીતેજ તેની ઇચ્છાને અનુરૂપ વર્તે છે.

તેના અંતરના ઉંડાણમાં તે જ્ઞાન માત્રને શોધે છે. ભાવિના ભેદ તેની નજર આગળ ઉઘાડા પડે છે.

ત્હારા અંતરના વિચારો તેની દૃષ્ટિ સમીપ ખુલ્લાજ હોય છે. ત્હારા નિશ્ચયો તું કરે તે પહેલાં તેને તે જાણી લે છે.

તેની અગમ નિગમતા માટે કાંઈ કહેવા પણું હોતું નથી. તેની વ્યવસ્થા અને નિર્માણમાં કોઇ અકસ્માત નડતો નથી.

તેનું દરેક કામ અજાયબી ભરેલું હોય છે. તેની કાર્ય પ્રણાલી અગમ્ય હોય છે. તેનું જ્ઞાન અમોઘ અને અમાપ હોય છે.

તેના ડહાપણ આગળ તું શિર ઝુકાવ. તેની સર્વ શ્રેષ્ટ અને સર્વ માન્ય સૂચનાઓનું નમ્રભાવે તું પરિપાલન કર.

ઇશ્વર દયાળુ અને ભલો છે. તેણે દયા અને પ્રેમથી પ્રેરાઇ વિશ્વ સર્જ્યું છે.

તેના દરેક કામમાં તેની ભલાઈ જણાઈ આવે છે. તે સંપૂર્ણતા અને શ્રેષ્ટતાનું સ્થાન છે.

તેણે સર્જેલ પ્રત્યેક પ્રાણી તેની ભલાઈની સાક્ષી પૂરે છે. તેમનો આનંદ તેની કીર્તિ દર્શાવે છે. તે તેમને સૌંદર્યથી શોભાવે છે અને અન્નથી પોષે છે. તે તેમનો વંશ વેલો ઉત્તરોત્તર ઉલ્લાસથી નિભાવે છે.

આકાશ સ્હામે નજર નાખતાં તેની કીર્તિ ઝળકી ઉઠે છે. અવનિપર દૃષ્ટિ નમાવતાંની સાથે તેની ભલમનસાઇ નજરે પડે છે. ખીણો અને પહાડો ગુંજે છે અને મહાલે છે. ખેતરો વન અને વહેણાઓ તેનું ગુણગાન કરે છે.

પણ હે માનવી! તને તેણે ખાસ નવાજ્યો છે અને સૃષ્ટિનો તું કીર્તિકળશ છે.

તારૂં સર્વોપરિપણું સાચવવા તેણે તને બુદ્ધિપ્રદાન કરી છે. સંઘ યા સમાજમાં રહી સુધરવા માટે તેણે તને વાચા આપી છે. તેની અદ્‌ભૂત પૂર્ણતાઓ વિચારવા અને વંદવા માટે ત્હારી બુદ્ધિને સમાધિનું સાધન સમર્પ્યું છે.

ત્હારા જીવનના જે નિયમો તેણે નિર્માણ કર્યા છે તેમાં તેણે ત્હારા ધર્મો ત્હારા સ્વભાવને એવા અનુકૂળ ઘડયા છે કે તેની આજ્ઞાઓના પાલનથી તને સુખજ સાંપડે છે.

તેની ભલમનસાઇનાં તું આભારપૂર્વક ગુણગાન કર. તેના અદ્‌ભૂત પ્રેમનો એકાંતમાં વિચાર કર. ત્હારૂં હૃદય ઉપકારની લાગણીઓથી છલી જવા દે. ત્હારા ઓષ્ટ પર થઇ ગુણગાન અને પૂજ્ય ભાવની સરિતા નિરંતર વહેવડાવ. ત્હારા જીવનના કાર્યોમાં તેની આજ્ઞાઓ પ્રત્યે પ્રેમયુક્ત અધિનતા દર્શાવ.

ઇશ્વર ન્યાયી અને સત્યનિષ્ટ છે અને પૃથ્વિવાસીઓને સત્ય અને શુદ્ધ ન્યાયજ આપશે.

તેના નિયમો ભલાઇ અને દયા ઉપર રચેલા હોઇ શું તેની અવજ્ઞા કરનારને તે શાસન નહીં કરે ?

અવિચારી માનવો ! તું ન ધારતો કે ત્હારા ઉપરની શિક્ષાનો વિલંબ થાય છે માટે ઇશ્વરના બાહુ નબળા છે. ત્હારાં કૃત્યો પ્રત્યે તેના આંખ મિંચામણાથી ખોટું આશ્વાસન પામી મિથ્યા મનસુબાઓ બાંધતો નહીં.

હરેક હૃદયના ઉંડાણમાં આવેલા સંકેતો પણ તે જોઇ શકે છે અને તે નિરંતર ધ્યાનમાં રાખે છે. તે મનુષ્યના મોભા કે મોટપનો પક્ષપાત કરતો નથી.

ઉંચ તેમજ નીચ, દોલતવાન અને દરિદ્ર, જ્ઞાની તેમજ અજ્ઞાની સર્વ કોઇનો આત્મા દેહપીંજરમાંથી ઉડી જતાં તે દરેકને નિજકર્મ અનુસાર ન્યાયી અને નિષ્પક્ષપાત બદલો મળે છે.

તે સમયે દુષ્ટ ડરે છે અને કંપે છે. પણ સદાચારીનો આત્મા તેના ન્યાયથી પ્રફુલ્લીત થાય છે.

માટે જીવન પર્યંત ઇશ્વરનો ડર રાખ અને ત્હારા માટે નિશ્ચિત કરેલ પંથેજ પળ. ડહાપણ તને સાચી સલાહ આપે, સંયમન તને આત્મ સંયમ શીખવે, ન્યાય તને સાચા માર્ગે દોરે, પરોપકાર ત્હારા હૃદયને નિરંતર પ્રેરે અને ઇશ્વર પ્રત્યેની આભાર વૃત્તિ તને ધર્મ-શીલતા સમજાવે તેવું હમ્મેશાં વાંચ. ત્હારી સાંપ્રત સ્થિતિમાં આ પ્રત્યેક સદ્દગુણ તને સુખી કરશે અને તને સ્વર્ગના અનંત સુખ-સદનમાં સ્થાપશે.

આજ ખરી માનવ જીવન ઘટના છે.

Gnan Mandir P. Press.
Ahmedabad.